Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेरं,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

पु. २२. | वीर सं. २४५१. आषाढ. आत्म सं. ३० | अंक १२ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રી સિદ્ધચક્રનું સ્તવન. | ૨૯૭ | ૬ પરોપકાર. | ૩૧૦ |
| ૨ જીવ વેપારી વિષે અષ્ટક. | ૨૯૮ | ૭ સંપ ત્યાં લક્ષ્મી. | ૩૧૨ |
| ૩ મનની એકાગ્રતા | ૨૯૯ | ૮ ગ્રંથાવલોકન. | ૩૧૩ |
| ૪ યોગનો પંથ. | ૩૦૫ | ૯ વર્તમાન સમાચાર. | ૩૧૫ |
| ૫ જૈન ઐતિહાસિક સાહિત્ય. ( ખારવેલનો સમયકાળ ) | ૩૦૬ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી નવપદજીની પૂજા ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત.)

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક કારણ છે. એવા હેતુથીજ શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા, અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રકટ કરેલ છે. સાથે શ્રી નવપદજીનું મંડલ તથા શ્રી નવપદજીનો યંત્ર કે જે આયંબીલ-ઓળી કર-નારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે તેની સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે શ્રીમાન્ પદ્મ-વિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત નવપદજી પૂજાઓ દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે. કિંમત રૂા. ૧-૪-૦ પોસ્ટેજ જુદું.

પૃષ્ટ ૫૫૦ **શ્રી દાનપ્રદીપ ભાષાંતર.** કિંમત રૂ. ત્રણ

ધર્મના ચાર પ્રકાર-દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ તે મુખ્ય છે.

આ દાનધર્મનાં ભેદો, તેનું વિસ્તારયુકત વર્ણન, તેના વિશેષ ભેદો અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન્ પુરૂષોનાં વીશ અદ્ભુત ચરિત્રો, કથાઓ અને બીજી અંતર્ગત વિશેષ ચમત્કારિક કથાઓ આ ગ્રંથના બાર પ્રકાશમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી ગમે તેવો મનુષ્ય પણ દાનધર્મ આદરવા તત્પર થાય છે. સુશોભિત રેશમી કપડાના પાકું બાઇન્ડીંગ કરાવી તૈયાર કરેલ છે.

દરેક મનુષ્યોએ પોતાના ઘરમાં-લાયબ્રેરીમાં અને નિવાસસ્થાનમાં તથા મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જોઇએ. કિં. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

જલદી મંગાવો ! થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો !

## શ્રીં નેમનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર, સાથે જૈન મહા-ભારત-પાંડવ કૌરવનું વર્ણન, અતૂલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્ભૂત વૈભવની વિસ્તાર પૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્ભૂત જીવન વૃત્તાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપૂર સુંદર ટાઇપ, સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતા આલ્હાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા લાઈફ મેમ્બરોને ભેટ.

આ સભામાં લાઇફ મેમ્બર થનાર બંધુઓને કેવા કેવા ઉત્તમોત્તમ ગ્રંથો ભેટ મળ્યા છે અને મળે છે તે ધર્મ જીજ્ઞાસુ, સાહિત્ય રસિક કોઇપણ જૈનબંધુ માટે ખાસ જાણવા જેવું છે. એકી વખતે માત્ર રૂા. ૧૦૦) કે રૂા. ૫૦) આપી પહેલા કે બીજા વર્ગના લાઇફ મેમ્બર થતાં દર વર્ષે ભેટના અપાતા ગ્રંથોનો આર્થિક દ્રષ્ટિએ પણ મોટો લાભ મળે છે. એ અત્યાર સુધીમાં થયેલ સભાસદ બંધુઓ સારી રીતે જાણે છે, બીજાઓએ જ્યારે લડાઇ પહેલાનાં છપાયેલા ગ્રંથોની કિંમત વધારી છે, તેમજ હાલ પણ છપાતા પુસ્તકોના ગમેતેટલી વધારે કિંમત રાખે છે ત્યારે આ સભાએ સાહિત્ય પ્રચાર અને સસ્તું સાહિત્ય કરવાના ઇરાદાથી, સીરીઝ સિવાયના ભાષાંતરના કથાના ગ્રંથો મુદ્દલ કિંમતે, તેમજ સંસ્કૃત મુદ્દલથી અડધી કિંમતે આપવાનો આ સભાએ ઠરાવ કરેલ છે. જેથી સો રૂપીયા આપી પહેલા વર્ગના લા. મેમ્બરોને કોઇપણ કિંમતના ગ્રંથો ભેટ મળેજ છે, પરંતુ પચાશ રૂપીઆ આપી બીજા વર્ગના લાઇફ મેમ્બરને બે રૂપીયાની કિંમત સુધીના કોઇપણ ગ્રંથ ભેટ અને વધારે કિંમતના હોય તો બે રૂપીયા મજરે આપતાં ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે મુદ્દલ અને મુદ્દલથી અડધી કિંમતે ગ્રંથોની રાખવાનો સભાનો ઠરાવ થતાં બીજાઓ કરતાં એ દ્રષ્ટિએ આ સભામાં લાઇફ મેમ્બર થનારને ઘણો સારો ગ્રંથનો લાભ મળે છે; માત્ર સિરિઝના ગ્રંથોની કિંમત (તે ગ્રંથોની ચારસેંહ કોપી) લાઇફ મેમ્બરો તથા અમુક સંસ્થાને બદલે પણ ભેટ જતી હોવાથી, સીરીઝના રૂપીઆ આપનાર ગૃહસ્થની મૂળ અનામત રકમ કાયમરાખવાનો ધારો અને શરત હોવાથી તે માત્ર સીરીઝના ગ્રંથો પ્રકટ થાય તેની બાકી રહેતી છસેંહ કોપીના પુરતા નાણા અનામત એકઠા કરવાના હોવાથી માત્ર મુદ્દલથી કિંમત સહજ ( નાણાં પુરા થતાં પુરતી) વધારો રાખવી પડે છે. જેથી બીજા ગ્રંથો મુદ્દલ અને મુદ્દલથી અડધી કિંમતે અપાતાં એકંદર આ સભામાં લાઇફ મેમ્બર થનારને ઉત્તમોત્તમ લાભ થાય છે.

આ સભામાં હવે પછી લાઇફ મેમ્બર કોઇપણ જૈન બંધુ થાય તેમને તે લાભ જણાવવા આટલી હકીકત જણાવેલ છે.

નીચેના ગ્રંથો આ વખતે ભેટ આપવાના છે.—

| | |
|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨–૮–૦ |
| ૨ શ્રી દાનપ્રદીપ | ૩–૦–૦ |
| ૩ શ્રી નવપદજી મહારાજની પૂજા, અર્થ, નોટ, યંત્ર, મંડલ વગેરે સહીત | ૧–૪–૦ |

ઉપરના ત્રણે ગ્રંથો ધારા પ્રમાણે બહારગામના અમારા માનવંતા લાઇફ મેમ્બરોને શ્રાવણ શુદ ૫ થી પોસ્ટેજ સાથે વી૦ પી૦ કરી ભેટ મોકલવામાં આવશે. જેથી સ્વીકારી આભારી કરશો. અને તે ગ્રંથો સંપૂર્ણ વાંચી તેમાંથી આત્મિક લાભ મેળવશો. અત્રેના લાઇફ મેમ્બરોને મહેરબાની કરી મંગાવી લેવા તસ્દી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

(પુસ્તક ૨૨ મું).

પુ૦ ૨૨ મું. } વીર સંવત ૨૪૫૦–૫૧–આત્મ સંવત ૨૯–૩૦ { અંક ૧ થી ૧૨

### स्रग्धरावृत्त.

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेः,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

प्रकट कर्त्ता,

श्री जैन आत्मानंद सभा—भावनगर.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પ્રભુપ્રાર્થના. ( પદ્ય ) | ( સંઘવી વેલચંદ ધનજી ) | ૧ |
| ૨ | ગુરૂરાય નમન. ( પદ્ય ) | ( ,, ) | ૧ |
| ૩ | ધ્યેયદર્શન અને આશિર્વચન. ( પદ્ય ) | ( ,, ) | ૨ |
| ૪ | સ્તવના. ( પદ્ય ) | ( શાહ ગોરધનદાસ વીરચંદ ) | ૨ |
| ૫ | નૂતનવર્ષની સદ્ ભાવના. | ( સભા ) | ૩ |
| ૬ | શ્રી દેવચંદ્રજી અને ગુર્જર સાહિત્ય. | ( મણીલાલ મોહનલાલ પાદરાકર. ) | ૭–૩૦–૬૭ |
| ૭ | ઐતિહાસિક નોંધ. | ( વિહારી મુનિ ) | ૧૫–૪૭ |
| ૮ | વિશ્વરચના પ્રબંધ. | ( મુનિરાજશ્રી દર્શનવિજયજી ) | ૧૯–૩૭–૫૬–૯૪–૧૧૩–૧૬૧–૧૮૪–૨૦૮–૨૩૪–૨૭૧ |
| ૯ | વર્તમાન સમાચાર. | | ૨૪–૨૬–૫૩–૭૯–૧૦૪–૧૨૬–૧૫૦–૧૮૦–૨૦૩–૨૩૦–૨૫૪–૨૯૧–૩૧૫ |
| ૧૦ | ગ્રંથાવલોકન. | ( સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ ) | ૨૭–૫૪–૮૦–૧૦૭–૧૨૯–૧૫૨–૧૮૧–૨૯૫–૩૧૩ |
| ૧૧ | માફી. ( પદ્ય ) | | ૨૯ |
| ૧૨ | અસાર સંસાર વિષે. ( પદ્ય ) | ( પી. એન. શાહ થરાવાળા ) | ૪૪ |
| ૧૩ | દુઃખરહસ્ય. | ( ઉત્તમચંદ લલ્લુભાઇ ઝવેરી–ભરૂચ ) | ૪૫ |
| ૧૪ | શિક્ષક અને શિક્ષણ. | ( લે. પો. કે૦ શાહ ) | ૫૨ |
| ૧૫ | સ્યાદ્વાદ બોધ. ( પદ્ય ) | ( સં૦ વે૦ ધ૦ ) | ૫૫ |
| ૧૬ | દુઃખીનું આક્રંદ અને વિધિનું શાન્તવન. ( પદ્ય ) | ( ,, ) | ૫૬ |
| ૧૭ | આપણાં ભૂતકાળનાં ગૌરવો. | ( સુધાકર ) | ૭૪ |
| ૧૮ | સુધારો. | | ૭૯ |
| ૧૯ | શ્રી મહાવીરદેવનું કૈલાસગમન. ( પદ્ય ) | ( સં. વે૦ ધ૦ ) | ૮૩ |
| ૨૦ | તનુવન. ( પદ્ય ) | ( જયન્ત ) | ૮૪ |
| ૨૧ | માનવ જીવન સફળ કેમ થાય ? | ( અમરચંદ તલકચંદ સીરીઝ ) | ૮૫ |
| ૨૨ | પુરૂષાર્થ. | ( ,, ) | ૮૬ |
| ૨૩ | શ્રી જૈનાચાર્ય ચરિત્ર. | ( ,, ) | ૮૭–૧૧૮–૧૩૯ |
| ૨૪ | સત્ય અને સૌંદર્ય. | ( ઉત્તમચંદ લલ્લુભાઇ ઝવેરી–ભરૂચ. ) | ૯૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૫ દીવાળી. ( સુધાકર ) .... .... .... ૯૯
૨૬ મહાવીર પ્રભુને વિનંતિ. (પદ્ય) (શાહ ઝવેરચંદ છગનલાલ સુરવાડા.) ૧૦૭
૨૭ શ્રીયોગ પ્રદીપસ્ય ભાષાનુવાદ. ( મુનિરાજશ્રી કર્પૂરવિજયજી )....૧૦૯–૧૪૨
૨૮ ઉપદેશક પદ્ય. ( અંબાલાલ નગીનદાસ બોરસદ ) .... ( ૧૨૦ )
૨૯ જ્ઞાનપ્રાપ્તિ માટે સ્વલ્પ સૂચના. ( ઝવેરચંદ છગનલાલ સુરવાડા ).... ૧૨૧
૩૦ દેવપૂજા. ( અ૦ ત૦ સીરીઝ ).... .... ૧૨૪
૩૧ યેહી વીરકે બાળ. ( પદ્ય ) ( પાદરાકર ) .... .... ૧૨૫
૩૨ અર્હન પદ ભજન. ( પદ્ય ) ( સંઘવી વેલચંદ ધનજી. ) .... પા. ૧૩૧
૩૩ અન્તિમશ્રુતકેવલી સ્થુલિભદ્રજી. ( મુનિ ન્યાયવિજયજી. ) .... પા. ૧૩૨
૩૪ આપણા બાળકો. ( ઉત્તમચંદ લલ્લુભાઇ ઝવેરી ભરૂચ. )....પા. ૧૪૫
૩૫ પ્રભુ પ્રાર્થનાધ્યેય. (સ્તવન) (પદ્ય) ( શ્રી બુદ્ધિસાગરજી સૂરિ. ) .... ૧૪૯
૩૬ આ સભાએ કરેલ ગ્રંથમાળાની યોજના. .... .... .... ૧૫૪
૩૭ ગુરૂ સ્તુતિ. ( પદ્ય ) ( હરગોવનદાસ નાગરદાસ માજની ). .... ૧૫૯
૩૮ જિનમંદિરના ગર્ભાગારની પાસે. (પદ્ય) ( સંઘવી કેશવલાલ નાગજીભાઈ સાણુંદ. ) .... ૧૬૦
૩૯ બોધવચનો. ( મુનિરાજશ્રી કર્પૂરવિજયજી. ).... .... ૧૬૭
૪૦ નંદિષેણુ રૂષિ. ( શેઠ અ. ત. સીરીઝ ).... .... .... ૧૭૦
૪૧ ધર્મ. ( ,, ) .... .... .... .... ૧૭૩
૪૨ ગુરૂ. ( ,, ) .... .... .... .... ૧૭૭
૪૪ પરમાત્મા ક્યાં મળે ? ( ,, ) .... .... .... .... ૧૭૮
૪૫ કુદરતની અગમ્ય ઘટના. ( પદ્ય ) ( સંઘવી વેલચંદ ધનજી. ) .... ૧૭૯
૪૬ ચંદનબાળાની વિનંતિ. ( પદ્ય ) ( મુનિરાજ શ્રી દર્શનવિજયજી )–૧૮૩
૪૭ પ્રેમ–સ્વરૂપ. (ઝવેરી ઉત્તમચંદ લલ્લુભાઈ ભરૂચ) ૧૯૦–૨૧૭
૪૮ ન્યાય સંપન્ન વૈભવ. ( સેક્રેટરી ). .... .... .... ૧૯૪
૪૯ સમાજ અવલોકન. ( પદ્ય ) ( વિહારી ). .... .... .... ૧૯૭
૫૦ જૈન ધર્મના પ્રાચીન ઈતિહાસનું એક પ્રકરણ. ( ઉધ્ધૃત ). .... ૧૯૮
૫૧ ધર્મ ચર્ચા. ( મુનિરાજ શ્રી દર્શનવિજયજી ). ૨૦૧
૫૨ પંજાબ ગુજરાનવાળા જૈન ગુરૂકુળની સ્થાપના. .... .... .... ૨૦૩
૫૩ શ્રી ભગવાન મહાવીર. ( પદ્ય ) ( પં૦ બ્રહ્મદત્ત શર્મા ). .... ૨૦૭
૫૪ જૈનોની હાલની શોચનીય સ્થિતિ. ( નરોત્તમદાસ બી. શાહ. ) .... ૨૧૫
૫૫ જૈન ઈતિહાસના સંબંધમાં અન્ય વિદ્વાનો કેવી ભૂલ કરે છે ? ( અંબાલા શ્રી આત્માનંદ જૈન સભા ). ૨૨૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૬ શ્રી વીર જયંતિ–શ્રી વીર સંદેશો. (પદ્ય) ( શાહ અમૃતલાલ માવજી. ) ૨૨૪
૫૭ જીવદયા અને વિનય. ( શેઠ અ. ત. સીરીઝ ). .... ૨૨૪
૫૮ શ્રાવકના નિત્ય નિયમો. ( ,, ) .... .... .... ૨૨૯
૫૯ ફર્જ વા કર્તવ્ય. ( પદ્ય ) ( સંઘવી વેલચંદ ધનજી. ) .... ૨૩૩
૬૦ જૈન કુળમાં જન્મેલા મનુષ્યે
વ્યવહારમાં કેમ વર્તવું ? ( શેઠ અ૦ ત૦ સીરીઝ. ) .... ૨૪૨
૬૧ ધાર્મિક કેળવણીની આવશ્યકતા. ( શાહ નરોતમદાસ બી. ) .... ૨૪૮
૬૨ જૈનોની અક્ષય કીર્તિ. ( સેક્રેટરી ). .... .... ૨૫૦
૬૩ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ
ઉપરના લીંબડી તથા ઉમેટા દરબારના પત્રો .... .... ૨૫૬
૬૪ સૂરીશ્વર–જયંતિ. ( સંઘવી વેલચંદ ધનજી )..... .... ૨૬૧
૬૫ શ્રી સિદ્ધચક્ર સ્તવન શ્રી વિજ-
યવલ્લભ સૂરિ વિરચિત. (પદ્ય) .... .... .... .... ૨૬૨
૬૬ કોઈપણ કાર્યસિદ્ધી માટે પાંચ કારણો. ( શેઠ અ૦ ત૦ સીરીઝ. ).... ૨૬૩
૬૭ જૈન કોન્ફરન્સ વિજયી કેવી
રીતે થઈ શકે ? ( પોપટલાલ ત્રિભુવનદાસ, કરાંચી ) .... ૨૬૫
૬૮ જૈન ઐતિહાસિક સાહિત્ય. ( મુનિ જ્ઞાનવિજયજી. ) .... ૨૬૬–૩૦૬
૬૯ આ સભાના સેક્રેટરીને પંજા-
બના સંઘે આપેલ માનપ-
ત્ર માટે કરવામાં આવેલ
મેળાવડો અને આ સભાનો
વાર્ષિક મહોત્સવ. ( સભા. ) .... .... .... ૨૭૮
૭૦ શ્રી સિદ્ધચક્રનું સ્તવન. ( પદ્ય ) ( પી. એન. થરા ) .... .... ૨૯૭
૭૧ જીવ વેપારી વિષે અષ્ટક. ( પદ્ય ) ( ,, ) .... .... .... ૨૯૮
૭૨ મનની એકાગ્રતા. ( ઉત્તમચંદ લલ્લુભાઈ ઝવેરી ભરૂચ ) .... .... ૩૦૫
૭૩ યોગનો પંથ. ( પદ્ય ) ( બંગાલી પ્રવાસી. ) .... .... .... ૩૦૬
૭૪ પરોપકાર. ( અ. ત. સીરીઝ ) .... .... .... ૩૧૦
૭૫ સંપત્યાં લક્ષ્મી. ( ” ) .... .... .... ૩૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ किं भंते ! जो गिलाणं पडियरइ से धगणे उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ ? गोयमा ! जे गिलाणं पडियरइ । से केणट्ठेणं भंते ? एवं वुच्चई ? गोयमा ! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति। आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेण-ट्ठेणं गोयमा ! एवं वुच्चइ–जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २२ ] वीर संवत २४५१ आषाढ आत्म संवत् ३०. [ अंक १२ मो.

## શ્રી સિદ્ધચક્રનું સ્તવન. (પંચક).

વસંતતિલકા છંદ.

સ્થાપું સદા મન ગૃહે, સિદ્ધચક્ર મંત્ર—
ને ચિંતવી અષ્ટદલે, કમળે સુયંત્ર;
વચ્ચે પદે અરિહંત, દેશમાં સિદ્ધાદિ,
વીદિશી દંસણુ તથા, તપ સુધી સ્થાપી. ૧
છે બાર ગુણુ સહિતા, અરિહંત દેવા,
આઠે સુસિદ્ધ છત્તીસે, આચાર્ય સેવા,
છે પંચવીશ ઉવજ્ઝાય, સાધુ સપ્ત વીશ,
સો અષ્ટ ગુણુ નવકાર, સદા જપીશ. ૨
નાભી મધે અરિહંત, ધવલેજ વર્ણે,
શિરે રહ્યા સિદ્ધ પ્રભુ, વરણેજ રકતે,
આચાર્ય મુખ દિપતા, પીતવર્ણ જાણું;
નીલા ઉપાધ્યાય હું, હૃદયે પિછાણું. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઠે સુસાધુ કૃષ્ણે, ધરી શુભકારી,—
ને શ્વેત દંસણ નાણ, ચરિત તપ ધારી;
સ્થાપી ઉરે અહનિશા, જપું નામ ભાવે,
મુકિત મળે ભય ટળે, સુમંત્ર પ્રભાવે. ૪

શ્રીપાળ આદિ જન તો, સુખ તેથી પામ્યા,
ત્રિતાપ તો ટળી ગયા, દુખ તો વિરામ્યા:
મારૂં સદા મન કંપી, વશ માટ હું તો,
કે' પુરૂષોતમ નમું, સિદ્ધચક્રને તો, ૫

**પી. એન. શાહ-થરાવાળા.**
હાલ જૈન પાઠશાળા. **મહેસાણા.**

---

# જીવ–વેપારી વિષે (અષ્ટક).

હરિભજન વિના—એ રાહ.

**જીવ–વેપારી મનુષ્ય ભવમાં દુકાન ઉઘાડજે રૂડી,**
**લાભાલાભ તપાસી, કર વેપાર, નહિતર ગુમાવીશ મુડી,—ટેક,**

નિશ્ચય વ્યવહાર પલ્લાં કરજે,
જ્ઞાન દરીશણ ચારિત્ર રજ્જુ ધરજે;
સત્ય દાંડી શિયળની ગ્રહજે. જીવ–વેપારી. ૧

પણછે પકડે સુ ટેક તણે,
ધર્મ હસ્તે માલ તોળીને ભરે,
મન ધર્મ ધ્યાનું સુકલ ભણે. જીવ–વેપારી. ૨

જીવ ઉપર દયા પ્રથમ ધારો,
સદા અસત્ય વદવું તો વારો,
અદત્તાદાન થકી મન નિવારો. જીવ–વેપારી. ૩

મૈથુન પરદારા સહુ છોડો,
અતિ પરિગ્રહની મમતા તોડો,
પ્રભુ ભક્તિમાં પ્રીતિ જોડો. જીવ–વેપારી. ૪

શુદ્ધ ક્રિયાનું કરીઆણું ભરી,
અવ્રત કર્માદાન માલ દુર કરી,
ચોકખા નિયમની વખાર ભરી. જીવ–વેપારી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલે ઠીક તો શેઠ કે'શે રૂડું,
નહિતર જન્માંતરમાં થશે ભૂડું;
શેઠ મોકલશે અચાનક તેડું. જીવ–વેપારી. ૬

ગજ કાતર લઇ ધામી બેઠા,
દુષ્ટ દંડ દેઇ પાડે હેઠા,
કર્મરાજા નહીં રાખે છેટા. જીવ–વેપારી. ૭

પ્રભુ પ્રેમ--ભાવમાં મગ્ન અતી,
કે'પુરૂષોત્તમ તો થોડી મતી;
સાચી વિનતી ધારજો જગપતી. જીવ–વેપારી. ૮

પી. એન. શાહ થરાવાળા.

# મનની એકાગ્રતા.

યોગના વિવિધ માર્ગો, શાસ્ત્રોની અનેક પ્રક્રિયાઓ, અને નીતિના સનાતન નિયમો, મનની એકાગ્રતા દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા સારૂ યોજાયેલા છે. ઇન્દ્રિયોના સ્પર્શો દ્વારા આપણને કેવળ પદાર્થોના સ્થૂલ સ્વરૂપનું જ્ઞાન થાય છે; પણ જ્યારે મન અંતર્મુખ થઇ તે વિવિધ સ્વરૂપો પર વિચાર કરે છે ત્યારે જ આપણને સ્થૂલ સ્વરૂપો નીચે ઢંકાયલા સૂક્ષ્મ તત્વોનું જ્ઞાન થાય છે. મન જ્યારે બાહ્ય સૃષ્ટિના નાનાવિધ પદાર્થોમા રમણ કરતું હોય છે ત્યારે તેની શકિત વિભકત થયેલી હોવાથી આપણને પદાર્થોનું આછું જ્ઞાન થાય છે. પણ જ્યારે તેની શકિતઓ એક કેન્દ્રમાં સ્થિર થાય છે, ત્યારે આપણને પદાર્થોના મૂળ તત્ત્વોનું જ્ઞાન થાય છે. બાહ્યસૃષ્ટિ આંતરસૃષ્ટિનો આવિર્ભાવ હોવાથી જ્યાંસુધી આપણે આંતરસૃષ્ટિમાં પ્રવેશ કરતા નથી ત્યાં સુધી આપણને પદાર્થોનું યથાર્થ જ્ઞાન થતું નથી. એકાગ્રતાથી આંતરસૃષ્ટિના ઉંડાણુમાં પ્રપાત કરનારને જ્ઞાન રૂપી ચિંતામણીરત્ન પ્રાપ્ત થાય છે. એકાગ્રતા આત્મજ્ઞાન મેળવવાનું અણમોલું સાધન છે.

આપણા મનપર અનેક યુગના સંસ્કારો પડેલા છે. આપણું મન અત્યંત તરલ છે અને તરંગવતીના પ્રવાહની માફક આપણા મનનો વિચારપ્રવાહ નિમ્ન પ્રદેશ પ્રત્યે ત્વરિત ગતિએ વહે છે. સરિતાની માફક આપણા મનમાં વિચારવમળો સતત્ ફર્યા કરે છે અને આપણા શાંત જીવનને અશાંત અને અસ્થિર કરી મુકે છે. તરલ સ્વભાવને લીધે આપણું મન એક વિષયમાં તલ્લીન થતું નથી; પણ વાનરની માફક તે વિચારની એક ડાળથી બીજી ડાળીએ કૂદે છે અને આપણી જીવન વાટિકાના સૌંદર્યને વેડફી નાંખે છે. આપણું મન જે જે વિષયના સંગમાં આવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનાથી રંગાય છે. આપણે જે જે દ્રશ્યો નિહાળીએ છીએ, આપણે જે જે મનુષ્યના પરિચયમાં આવીએ છીએ, આપણે જે જે પુસ્તકોનું પરિશીલન કરીએ છીએ તે સર્વેના સંસ્કારો આપણા મનઃપટ પર પડે છે અને આપણું મન જ્યારે નવરૂં હોય છે ત્યારે તે સંસ્કારજન્ય વિચારો અને વિકારો સાથે રમ્યા કરે છે ગનને ઉચ્ચ પ્રકારની પ્રવૃત્તિમાં રોકવું એ મનના વિકારોથી મુકત થવાનો રાજમાર્ગ છે. મનને એક વિષયમાં તલ્લીન કરવાથી એકાગ્રતા સિદ્ધ થાય છે. એકાગ્રતા એટલે મનની એક વિષય સાથે તન્મયતા.

આપણો આત્મા આપણા સમગ્ર જીવનપ્રદેશનો સમ્રાટ છે. વિવિધ કરણો દ્વારા આત્મા સમગ્ર જીવનપ્રદેશપર સત્તા વિસ્તારી રહ્યો છે, ઇન્દ્રિયો-પર મનની સત્તા વર્તે છે, મન પર બુદ્ધિની સત્તા વર્તે છે. અને બુદ્ધિ-પર આત્માની સત્તા વર્તે છે. પ્રત્યેક કરણ જ્યારે પોતાના ક્ષેત્રમાં પો-તાનું કર્તવ્ય કરે છે ત્યારે જીવનતંત્ર સુવ્યવસ્થિત ચાલે છે. પણ એક કરણ જ્યારે બીજા કરણ પર પોતાની સત્તા સ્થાપવાને પ્રયત્ન કરે છે ત્યારે જીવનતંત્રમાં અરાજકતા વર્તે છે. ઇન્દ્રિયો જ્યારે મનપર પોતાનું સ્વામિત્વ સ્થાપન કરે છે ત્યારે મનુષ્ય વિષયોનો દાસ બને છે, બુદ્ધિપર જ્યારે મનની સત્તા વર્તે છે ત્યારે જીવન કામના અને આસક્તિને આધિન વર્તે છે, આત્માપર જ્યારે બુદ્ધિનો વિજય થાય છે ત્યારે જીવન વિવિધરંગી અને વિપથગામી બને છે. આત્માને ઓળખી તેની સત્તા પ્રત્યેક કરણપર સ્થાપવાથી જીવનમાં અખંડ શાંતિનું સામ્રાજ્ય સ્થપા-શે. એકાગ્રતા એટલે અપૂર્વ શાંતિ.

મન શરીરનો સ્વામી છે, મન જ્યારે શરીરના કાર્યોથી મુકત રહે છે ત્યારે જીવનમાં શાંતિ અને સ્વતંત્રતાનું સામ્રાજ્ય પ્રવર્તે છે. અજ્ઞાનને વશ થઇ મન જ્યારે શરીર સાથે એકતા કરે છે ત્યારે તે શરીરથી ઉત્પન્ન થતી સુખદુઃખ, આરોગ્ય અનારોગ્ય, ભૂખતરસ વિગેરે લાગણીઓ અનુભવે છે. જ્ઞાનનો ઉદય થતાં મનને જ્યારે તેના સત્ય સ્વરૂપની પ્રતીતિ થાય છે અને મન જ્યારે તેનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારે છે ત્યારે તે શરીરના સંસર્ગથી ઉત્પન્ન થતી સુખદુઃખ વગેરે લાગણીઓથી મુકત થાય છે. તે શરીરનો ભોકતા મટી ભર્તા બને છે. તે શરીરના કાર્યોને કેવળ સાક્ષી તરીકે નિહાળે છે. શરીર એ પ્રકૃતિનું કાર્ય છે અને સુખદુઃખાદિ પ્રકૃતિના ગુણોને લઇને ઉદય પામે છે એવું તેને સચોટ અને સદોદય જ્ઞાન થાય છે, તે શરીરને આત્મસિદ્ધિના સાધન તરીકે સ્વીકારે છે. શરીર આત્મસિદ્ધિનું અણમોલું સાધન હોવાથી તેના ધારણ અર્થે તે આહારનું સેવન કરે છે, પણ આહારને માટે તે આહાર કરતો નથી. શરીરના સંસર્ગથી મુકત થઇ મન તેના સ્વતંત્ર અસ્તિત્વના આનંદમાં સ્થિર થાય છે. ભરતીના પાણી ઓસરી જતાં સરિતા જેમ શાંત સૌમ્ય સ્વરૂપ ધારણ કરે છે તેમ મનની શરીર પ્રત્યેની આસકિતનો વિલય થતાં મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું શુદ્ધ નિર્મળ સ્વરૂપ ધારણ કરે છે. જીવનમાં શાંતિ અને આનંદ રેલાય છે. એકાગ્રતા સહજ સિદ્ધ થાય છે.

આપણા આંતર જીવનમાં પ્રાણશકિત સર્વોપરિ વર્તે છે. જ્ઞાનતંતુઓ દ્વારા મન, ચિત્ત અને બુદ્ધિમાં, પ્રાણશક્તિ વિવિધ સ્વરૂપે કાર્ય કરે છે. આપણા મનમાં પ્રાણશક્તિ કામના અને આસકિત ઉત્પન્ન કરે છે, ચિત્તમાં હર્ષ અને શોકની લાગણીઓ ઉત્પન્ન કરે છે અને બુદ્ધિમાં આગ્રહ અને એકદેશીયતા ઉત્પન્ન કરે છે. આપણા મનનો ધર્મ તો ઇન્દ્રિયો દ્વારા જે સંસ્કારો મળે તેને બુદ્ધિ સમક્ષ રજુ કરવાનો છે. પણ પ્રાણશક્તિને લઇને મનમાં કામના અને આસક્તિ ઉત્પન્ન થાય છે અને તેથી મનમાં સંસ્કારો પ્રત્યે રાગ દ્વેષની લાગણીઓ ઉત્પન્ન થાય છે. કોઇ સુંદર વસ્તુ નિહાળતા મનમાં ભોગવૃત્તિ ઉત્પન્ન થાય છે અને ભોગવૃત્તિ ઉત્પન્ન થતાં મન ચંચળ અને વિવશ બને છે. આથી મન જ્યાં સુધી વિકારોથી વિરકત ન થાય ત્યાં સુધી તેમાં શાંતિ અને સ્થિરતા સ્થપાતા નથી. કામના અને વિકારો પ્રાણશકિતની સંતતિ છે. પ્રાણશકિત પર વિજય મેળવ્યાથી વિકારોનો વિજય થાય છે. પ્રાણાયામના વિવિધ પ્રયોગો દ્વારા પ્રાણનું સંયમન કરવાથી મનમાં સ્થિરતા અને પ્રસન્નતા પ્રગટે છે. પ્રાણાયામ મનની એકાગ્રતા પ્રાપ્ત કરવાનું સુંદર સાધન છે.

વાયુની ગતિથી જેમ સરિતાના શાંત નિર્મળ જલ મલિન અને અસ્થિર બને છે તેમ રાગદ્વેષની લાગણીઓથી મન મલિન અને ચંચળ બને છે. રાગદ્વેષનો યોગ થતાં મન રાગદ્વેષના પદાર્થો પ્રત્યે દોડે છે. રાગદ્વેષે વિસ્તારેલી માયાની જાલમાં મન ફસાય છે. વનમાં ઉછરેલા નિર્દોષ હરિણની માફક મન રાગદ્વેષના વિષયોની તૃપ્તિ અર્થે પ્રવૃત્તિ કરે છે, પણ અંતે મૃગ તૃષ્ણિકા પાછળ દોડતા ગરીબ બિચારા હરિણની માફક હતાશ થઇ તે આખરે હણાય છે. **રાગદ્વેષથી મુક્ત થવામાંજ ખરી મુક્તિ છે. વિકારોને વશ નહિ થવામાંજ સાચી વીરતા છે.** વિકારોના વાદળો દૂર થતાં મનઃપટ પર શિતળ ચંદ્રિકાની રૂપેરી ચાદર પથરાય છે. આત્મામાં આનંદની હેલી વર્ષે છે. મનમાં જ્યારે કોઇપણ પદાર્થ પ્રત્યે રાગદ્વેષની લાગણી ઉત્પન્ન થાય ત્યારે તે પદાર્થનું પૃથક્કરણ કરવાથી મનને તે પદાર્થ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થશે. સ્ત્રીનું સુંદર શરીર નિહાળતા જો વિકાર ઉત્પન્ન થતો હોય તો તે શરીર નીચે ઢંકાયલા માંસ અને અસ્થિનો વિચાર કરવાથી વિકાર શમી જશે અને અંતઃકરણમાં શાંત વૈરાગ્ય ઉત્પન્ન થશે આમ આસકિતના પ્રત્યેક પદાર્થનું પૃથક્કરણ કરવાનો અભ્યાસ પાડવાથી મન અનાત્મપદાર્થોથી નિવૃત્ત થઇ આંતર શાંતિ અનુભવશે. અભ્યાસ અને વૈરાગ્ય મનની એકાગ્રતા પ્રાપ્ત કરવાના અમૂલ્ય સાધન છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણે ઉપદેશ્યું છે કેઃ—

**असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥** ( गीता. ६. ३५. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( હે મહાબાહો અર્જુન ! મન એ ચંચળ છે, તેનો નિગ્રહ કરવો એ દુર્ઘટ છે, તે બાબત કાંઈ પણ શંકા નથી. પણ અભ્યાસ અને વૈરાગ્યથી, હે કૌંતેય ! તે પણ તાબામાં લઈ શકાય છે )

સમતા મનની એકાગ્રતા સ્થિર કરવાનું પરમ સાધન છે. અભ્યાસ અને વૈરાગ્યથી એકાગ્ર થયેલા અંતઃકરણમાં વિષયસમૂહ અને આપણા મનઃપટ પર પડેલા અનેક સંસ્કારો વિક્ષેપ ઉપજાવે છે. એકાગ્રતાની ભૂમિકાપરથી મનને ભ્રષ્ટ કરવા વિષય સમૂહ ભગીરથ પ્રયત્ન આદરે છે, મનના નાનાવિધ વ્યાપારોથી મન-પર સામ્રાજ્ય ભોગવતી ઇન્દ્રિયો મનને ઉચ્ચ ભૂમિકાપરથી પદભ્રષ્ટ કરવા સારૂં અનેક પ્રયુકિતઓ અને પ્રલોભનોની જાલ બીછાવે છે, આંતરયુદ્ધનો આ અણીનો પ્રસંગ છે. અભ્યાસ અને વૈરાગ્યથી ઉદય પામેલા જ્ઞાનથી વિષયના પદાર્થોનું દોષ-દર્શન કરી મનની ચળી જતી વૃત્તિઓને આત્મભાવમાં સ્થિર કરવાથી સમતા સિદ્ધ થાય છે. બાહ્યવૃત્તિઓથી મનને ચલવા ન દેતા આત્મભાવની ભૂમિકામાં તેને અચળ રાખવું તેનું નામ સમતા. પદાર્થોના અનિત્ય સ્વરૂપનો વિચાર કરવાથી મનમાંથી રાગદ્વેષની લાગણીઓ અસ્ત પામે છે અને મન તેનું શુદ્ધ નિર્મળ સ્વ રૂપ ધારણ કરે છે. અનાત્મપદાર્થોના અનિત્ય સ્વરૂપનું સ્પષ્ટ દર્શન થવાથી મન બાહ્યપદાર્થોમાં રસ લેતું બંધ પડે છે અને આત્મભાવના એક રસમાં રમણ કરે છે. મનની રસવૃત્તિઓનો વિલય થવાથી ઇન્દ્રિયોના વ્યાપારો સ્વતઃ શાંત પડે છે. અંતઃકરણમાં જ્ઞાનનું શુદ્ધ પ્રતિબિંબ પડે છે; આનંદના અમીમય ઝરણાં ફૂટે છે. પ્રકૃતિની પરની અભેદભૂમિકામાં મન વિહરતું હોવાથી પ્રકૃતિએ વિસ્તારેલી નાનાત્વની સૃષ્ટિમાં ઉત્પન્ન થતાં સુખદુઃખ, રાગદ્વેષ, કીર્ત્તિ અપકીર્ત્તિ, જય અજય મનને સ્પર્શી શકતાં નથી. ભેદમયી સૃષ્ટિમાં દુઃખ છે. આત્માની અભેદમયી સૃષ્ટિમાં નિરાબાધ આનંદ છે. મનની આ પરમ સ્થિતિ સમતા ઉપર અવલંબી રહી છે. રાગદ્વેષનો વિજય કરવાથી સમતા સિદ્ધ થાય છે; મનની વિમળતા પ્રગટે છે. અનિત્યાદિ બારભાવનાઓનું અવલંબન કરવાથી રાગદ્વેષની લાગણીઓ અસ્ત પામે છે; અંતઃકરણના નિર્મળ આકાશમાં સમતાનો શશી ઉદય પામે છે. કળીકાળ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યના નીચેના અમૃતાક્ષરો અંતઃકરણમાં શિલાલેખની માફક કોતરી રાખવા જેવા છે:—

[1]मनःशुद्धयैव कर्त्तव्यो रागद्वेषविनिर्जयः ।
कालुष्यं येन हित्वात्मा स्वस्वरूपेऽवतिष्ठते ॥ ( योगशास्त्र. प्र. ४. ४५. )
[2]अस्ततंद्रैरतः पुंभिर्निर्वाणपदकांक्षिभिः ।
विधातव्यः समत्वेन रागद्वेषद्विषज्जयः ॥ ( योगशास्त्र. प्र. ४. ४६. )

(૧) મનશુદ્ધિ માટે રાગદ્વેષનો વિજય કરવો, કે જેથી આત્મા મલિનતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં રહી શકે. (૨) માટે નિર્વાણપદના ઇચ્છક પુરૂષોએ સાવધાન થઈ સમભાવ રૂપ શસ્ત્રવડે રાગદ્વેષ રૂપ શત્રુઓનો વિજય કરવો. )

સમતાથી સ્થિર થયેલી મનની એકાગ્રતાને સુરક્ષિત રાખવાને માટે દમનું અવલંબન કરવું અત્યંત ફળદાયી છે. મંદમંદ ગતિએ વહેતા સરિતાના નિર્મળ ઝરણાંને વાયુથી ઉત્પન્ન થતી ઉર્મિમાલાઓ જેમ ચળવિચળ કરી નાંખે છે તેમ ઇન્દ્રિયોના વ્યાપારો મનમાં વ્યગ્રતા ઉપજાવી સમતાથી સ્થિર થયેલી અંતઃકરણની એકાગ્રતાને અસ્તવ્યસ્ત કરી નાંખે છે. મનથી વિષયોનો ત્યાગ કરવાથી મન ઇન્દ્રિયોના વિષયોમાં રસ લેતું બંધ પડે છે અને ઇન્દ્રિયનિગ્રહ સહજ સિદ્ધ થાય છે. વિરલાઓ જ મનથી વિષયોનો ત્યાગ કરી શકે છે. મનથી વિષયોનું ચિંતન કરતો માનવી ઇન્દ્રિયોના બાહ્ય વ્યાપારોને રોકે તેથી કાંઈ વિશિષ્ટ ફળ આવતું નથી. વૃક્ષની વિટપો અને કુંપળોને કાપી અને ચુંટી નાંખવામાં આવે પણ જો તેનાં મૂળમાં જલનું સિંચન કરવામાં આવે તો પાછી તે વિટપો અને કુંપળો ફુટી નીકળે છે, તેમ ઇન્દ્રિયોના બાહ્યવ્યાપારો રોકવા છતાં માનવી જો મનથી વિષયોનું ચિંતવન કરતો હોય તો બળાત્કારે રોકેલી ઇન્દ્રિયો આખરે મનને વિષયોના પદાર્થ પ્રત્યે તાણી જવાની, પણ આ કાર્ય અત્યંત દુર્ઘટ હોવાથી ઇન્દ્રિયોને બાહ્ય વ્યાપારોમાં પ્રવૃત્ત થતી રોકવાથી મનની વૃત્તિઓ પ્રત્યાઘાત પામી પાછી વળશે અને તેના વ્હેણ મનમાનસમાં વિરામ પામી અંતઃકરણની એકાગ્રતાની અભિવૃદ્ધિ કરશે. સમતાથી અંતઃકરણમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાય છે, દમથી શાંતિનું સામ્રાજ્ય બાહ્ય આક્રમણોથી સુરક્ષિત રહે છે, શમ આન્તર પ્રગતિ પોષે છે, દમ આન્તર પ્રગતિના વિરોધી તત્વોનો નાશ કરે છે. એક સૂક્ષ્મ પ્રદેશમાં કાર્ય કરે છે, બીજું સ્થૂળ પ્રદેશમાં કાર્ય કરે છે. શમ અને દમ એક બીજાના ઉપકારક છે. ઉત્તમ ઓષધી અને સુંદર હવાપાણીનો યોગ થવાથી જેમ રોગી સત્વર આરોગ્ય પ્રાપ્ત કરે છે તેમ શમ અને દમનું અવલંબન કરવાથી માનવી અલ્પ સમયમાં મનની એકાગ્રતાને સિદ્ધ કરે છે.

આપણા મનનો ધર્મ જ્ઞાનેન્દ્રિયોદ્વારા મળતા સંસ્કારોને ગૃહણ કરી બુદ્ધિ સમક્ષ મુકવાનો છે. પણ આ કાર્ય કરવાની કળામાં જ મનની કુટિલતા પ્રકાશે છે. રાગદ્વેષથી રંગાયલું મન તેને જે સંસ્કારો પ્રિય હોય છે તે સંસ્કારોને મુગ્ધ કરે એવા મોહક સ્વરૂપમાં બુદ્ધિ સમક્ષ મુકે છે. આપણા આંતરજીવનમાં બુદ્ધિનું સ્થાન સત્યપ્રિય ન્યાયાધીશનું છે. મને ગૃહણ કરેલા સંસ્કારોમાંથી બુદ્ધિનો ધર્મ આત્મવિકાસને અનુકૂળ એવા સંસ્કારો વીણી કાઢી તે પ્રમાણે કાર્ય કરવાને મનને અનુમતિ આપવાનો છે. વિશુદ્ધ બુદ્ધિ જ સંસ્કારોને તેમના વિમળ સ્વરૂપમાં નિહાળી શકે છે. સંસ્કારોના મોહક સ્વરૂપથી અંજાઈ બુદ્ધિ જો મનની સાથે એકતા કરે તો આત્માના પ્રકાશથી ઓપતું આંતરજીવન કામનાઓની કાલિમાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંગાશે. ઉર્ધ્વ પ્રદેશમાં વિચરતો જીવનરથ મનના કુટિલ સારથિકર્મથી ઉન્માર્ગે દોરાશે. પવિત્ર જીવન પતિત થશે. પણ મનની માયાવી જાલમાંથી મુક્ત થઇ, તેનું બહુરૂપી સ્વરૂપ પારખી, બુદ્ધિ જો મનપર તેની સત્તા સ્થાપન કરે તો આંતરજીવનમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે આંતરજીવનની અશાંતિ અને અવ્યવસ્થાનું કારણજ મન છે. બુદ્ધિ મનનો સ્વામી છે; મન બુદ્ધિનો સેવક છે. આંતરજીવનની શાંતિ અને સુવ્યવસ્થાનો આધાર વિશુદ્ધ બુદ્ધિપર છે. વિશુદ્ધ બુદ્ધિજ શુદ્ધ જ્ઞાનજન્ય વેધકશકિતથી મનનું માયાવી સ્વરૂપ ભેદી તેને સત્ય સ્વરૂપમાં નિહાળી શકે છે. બુદ્ધિ જ્યારે મનપર તેનું સ્વામિત્વ સ્થાપન કરશે ત્યારે મનમાં ઉછળતા સંસ્કારો સ્વયમેવ શાંત પડશે અને મન બુદ્ધિના આદેશ પ્રમાણે કાર્ય કરશે. વિશુદ્ધ બુદ્ધિ અશાંત મનને શાંત કરવાનું અમોઘ શસ્ત્ર છે.

આપણા આહારને મનની એકાગ્રતા સાથે નિકટ સંબંધ છે. આપણે જેવો આહાર કરીએ છીએ તેવી આપણી ધાતુ બંધાય છે. અને આપણી ધાતુને અનુરૂપ આપણી ચિત્તવૃત્તિ બંધાય છે. માનસિક સ્થિરતા અનુભવ તો માનવી જો મદ્યનું સેવન કરે તો અલ્પ સમયમાં તેના મનની સ્થિતિ વિકૃત બને છે. આપણે જે પદાર્થોનું સેવન કરીએ છીએ તેની અસર માનસિક પ્રદેશપર થાય છે. મનુષ્ય જ્યારે મિષ્ટાન્નનું સેવન કરે છે ત્યારે તેની પ્રકૃતિ અસ્વસ્થ રહે છે, તેની મનની એકાગ્રતામાં વ્યગ્રતા ઉપજે છે અને તેની બુદ્ધિ ચંચળ અને વિવશ બને છે. સાત્વિક આહારનું સેવન કરવાથી મનુષ્ય માનસિક સ્થિરતા અનુભવે છે. સાત્વિક આહારનું સેવન કરવાથી આપણામાં બળ, તેજ અને વીર્યની અભિવૃદ્ધિ થાય છે, તામસ અને રાજસ પ્રકૃતિને અનુકૂળ પદાર્થનું સેવન કરવાથી જ્ઞાનતંતુઓ શિથિલ પડે છે, અને જ્ઞાનતંતુઓ શિથિલ થવાથી મનુષ્ય ઇન્દ્રિયો પર સંયમ કેળવી શકતો નથી. તામસ અને રાજસ પ્રકૃતિને પોષક આહારનું સેવન કરવાથી ઉઠતા કુતર્કો અને વિચારતરંગોથી મન સૂક્ષ્મ પ્રદેશમાં ભટકે છે અને તામસ અને રાજસ પ્રકૃતિને અનુકૂળ એવા સત્વોપોતાનો તરફ આકર્ષે છે. ક્રમે ક્રમે મનુષ્યનું મન મલિન થાય છે અને તેનું અધ:પતન થાય છે. સાત્વિક આહારનું સેવન કરવાથી બુદ્ધિની સ્થિરતા વૃદ્ધિ પામે છે અને બુદ્ધિની સ્થિરતા એકાગ્રતાની પોષક છે.

સતત આત્મજાગૃતિ કેળવવાથીઆપણે મનની શાંત નિષ્ક્રિય અવસ્થા પ્રાપ્ત કરી શકીશું. મનની પ્રવૃત્તિઓનું સાક્ષી તરીકે અવલોકન કરવાથી તે કેવા કેવા વિકારો સાથે રમે છે, કેવી કેવી કલ્પનાઓ કરે છે, આશાના કેવા ઉચ્ચ મીનારા ચણે છે એ સર્વનું આપણને યથાર્થ જ્ઞાન થશે. જ્ઞાનનો ઉદય થતાં એ સર્વે પ્રવૃત્તિઓમાંથી મુક્ત થવાનો માર્ગ આપણને જડી આવશે. જ્ઞાનનો ઉદય થતાં મનુષ્ય આત્મ વિકાસને અંતરાય રૂપ વસ્તુનો ત્યાગ કરે છે અને ત્યાગની વૃદ્ધિ થતાં મનુષ્ય બાહ્ય બંધનોથી મુક્ત થઇ વિપુલ આત્મભાવ અનુભવે છે. તેનું સમગ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન પવિત્રતા અને પ્રેમના શુભ્ર પ્રભાવથી પ્રકાશે છે. મનની વિપથગામી પ્રવૃત્તિઓનું જ્ઞાન થતાં તે પ્રવૃત્તિઓને પોષક વસ્તુઓનો આપણે ત્યાગ કરીશું અને ત્યાગની સાથે આપણા મનમાં વિશુદ્ધિ સ્થપાશે અને આપણું અંતઃકરણ આત્મભાવમાંથી નિર્ઝરતા શાંતિ અને આનંદનું રસપાન કરશે, સાધુચરિત રસ્કિને પણ કહ્યું છે કે:—

The more we know and the more we feel, the more we separate; we separate to obtain a more perfect unity.

ત્રણ પ્રકારે એકાગ્રતા સિદ્ધ થાય છે. આપણી પ્રિયમાં પ્રિય વસ્તુમાં મનને તલ્લીન કરવાથી એકાગ્રતા સિદ્ધ થાય છે. વિચારના તત્વપર મનને એકાગ્ર કરવાથી ક્રમે ક્રમે વિચાર અસ્ત થશે અને વિચારની પાછળ વિલસતી વસ્તુના દર્શન થશે. મનને તદ્દન શાંત અને નિષ્પંદ કરી નાખવાથી એકાગ્રતા સિદ્ધ થાય છે. મનની સર્વ ક્રિયાઓમાંથી મુક્ત થઇ તે ક્રિયાઓના દ્રષ્ટા અને સાક્ષી થવાથી તે ક્રિયાઓ શાંત પડી જશે. મનમાં વિચાર ઉત્પન્ન થતાં તે વિચારને દૂર કરી મનને પરમ શાંતિ અને આનંદમાં લય કરવાથી એકાગ્રતા સહજ સિદ્ધ થાય છે.

એકાગ્રતા આત્મજ્ઞાન પ્રાપ્તિનું પરમ સાધન છે. ઇંદ્રિયોના સંયમથી એકાગ્રતા ઉદય પામે છે, મનોનિગ્રહથી એકાગ્રતાની વૃદ્ધિ થાય છે અને સમતાથી એકાગ્રતા સ્થિરતાને પામે છે. એકાગ્રતા સિદ્ધ થતાં બુદ્ધિ જ્ઞાનના ઉજમાળાં કિરણોથી પ્રકાશશે. મન નિરભ્ર આકાશની શુભ્ર અવસ્થા ધારણ કરશે અને અંતઃકરણ પ્રેમના નિર્મળ નીરથી નીતરશે. આત્મામાં પરમાત્માના દર્શન થશે અને પાર્થિવ જીવન દૈવી જીવનમાં રૂપાંતર પામશે.

શ્રીમાલી પોળ,
**ભરૂચ.** તા. ૩ જુન ૧૯૨૫.

**ઉત્તમચંદ લલ્લુભાઇ ઝવેરી.**
બી. એ. એલ. એલ. બી.

# યોગનો પંથ.

( મહીડાનાદાણ નહીં દઇએરે લોલ.—એરાગ. )

વિતી એ મેઘલ રાતડીરે લોલ, ઉગ્યો એ અરૂણ પ્રભાત જો,
જળહળતા કિરણ પાથર્યા રે લોલ, સૂર્ય ચડયો આકાશ જો.
યોગનો પંથ અમે આદર્યો રે લોલ. ॥ ૧ ॥
જ્ઞાન કિરણ જગ ઓપતા રે લોલ, ઉંડા કોતર કરે વાસ જો,
અંધાર ઓસર્યા મૂળથી રે લોલ, વાધ્યો એ આત્મ ઉજાસ જો. ॥ ૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુટુંબ જાળને છેદીને રે લોલ, કુટુમ્બ બ્રહ્માંડની ભાત જો,
હું પણ તાત માત માહ્યરો રે લોલ, એની સ્હજન જૂની સાખજો. ॥ ૩ ॥
તાત સુધર્મ વિધર્મનો રે લોલ, જેથી બ્રહ્માંડની નૂર જો,
સત્ય વસ્યો મન મંદીરે રે લોલ, સેવા ચહે ઉર ધૂર જો. ॥ ૪ ॥
ધારી ક્ષમારૂપ માવડી રે લોલ, નારિ સહોદર જાત જો,
સંસાર શેરીનો આશરો રે લોલ, ઓથમાં ગુણની રાશ જો. ॥ ૫ ॥
યોગી પંથે અલબેલડી રે લોલ, સુમતિ સાથે રમું રાસ જો,
શાન્તિ સૈયરની સેજમા રે લોલ, જાયે રળીયામણી રાત જો. ॥ ૬ ॥
વૃત્તિ વિમળને ઉકેલતા રે લોલ, સાધક બાધક ફંદ જો,
અલખ અલ્હેકની ઘોષણા રે લોલ, ડિંડિમનાદ અખંડ જો. ॥ ૭ ॥
વાસ અમારો આકરો રે લોલ, જ્યોતિ જીવન ઉદ્દામ જો,
ઉંચા આકાશ ઉંચા આત્મા રે લોલ, એથી ઉંચુ અમ ધામ જો. ॥ ૮ ॥
ગામે, વને, જળ, ડુંગરે રે લોલ, રૂડા દર્શન પ્રભાત જો,
શાન્તિના પાઠ વસો વિશ્વમાં રે લોલ, એ વદે યોગીના બાળ જો. ॥ ૯ ॥

# જૈન ઐતિહાસિક સાહિત્ય.*

## " મૌર્ય ચંદ્રગુપ્ત સંવત્. "

### પરમાર્હત ખારવેલનો સમયકાળ.

( ગતાંક પૃષ્ટ ૨૭૦ થી શરૂ )

ખારવેલની લીપીમાં પાંચમાં વર્ષના વિવરણમાં જે ૩૦૦ વર્ષ પૂર્વે ખોદાએલ ખાળનું વિવરણ છે, તે નવમા નંદરાજ નંદીવર્ધનના અરસામાં ખોદાએલ હતી. ખારવેલે બે વાર મગધ પર ચડાઇ કરી હતી તેમાં પહેલો પ્રસંગ રાજગૃહપતિ બૃહસ્પતિમિત્ર મથુરામાં નાશી ગયો હતો. આ બૃહસ્પતિમિત્ર તેજ પુષ્પમિત્ર છે કેમકે પુષ્પ નક્ષત્રનો સ્વામી બૃહસ્પતિ ( ગુરૂ ) છે. તેથી પુષ્પમિત્રને ઠેકાણે બૃહસ્પતિમિત્ર એવું બીજુ નામ હોય તે સંભવિત છે આવા બીજા નામો હોવાના દૃશ્યો તો પુરાણમાં ઓછા નથી જેમકે બિંબિસાર તે શ્રેણિક, અજાતશત્રુ તે કોણિક તથા અશોક તે પ્રિયદર્શી વિગેરે.

મૌર્યવંશીય અંતિમ સમ્રાટ બૃહદ્રથનું બળ નબળું પડયું છતાં તેના શૂંગવંશી સેનાપતિ પુષ્પમિત્ર આર્યાવર્તને પોતાના કબજામાં લઇ પોતે પાટલીપુત્રનો

* આ લેખ બંગાલી પ્રવાસીથી ઉધ્ધૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્રાટ થયો હતો. આ ઘટના ઈ. સ. પૂર્વે ૧૮૮ માં બની હશે જેથી બૃહસ્પતિમિત્ર અને પુષ્પમિત્ર એ એકજ વ્યક્તિ છે. એમ માનવામાં સંશય રહેતો નથી. જેથી પ્રસ્તુત લીપીમાં ઇ. સ. પૂર્વે ૧૮૮ માં મગધમાં સિંહાસન પર બેઠેલ પુષ્પમિત્રનો નિર્દેશ છે. કલિંગમાં મહાભારતના વખતથી જે આર્યાધિકાર ફેલાયો છે, અને જે આર્યરાજાઓએ રાજ્ય કરેલ છે તેના પુરાવા મળી શકે છે. ખારવેલે પોતાને રાજર્ષિ વંશોત્પન્ન જણાવેલ છે, પણ તે પોતાનો ક્ષત્રિય તરીકે સ્પષ્ટ પરિચય આપતો નથી. આ ખારવેલનો આત્મસંબંધ તામ્રલિપ્તના રાજર્ષિ વંશ મયૂરધ્વજ વંશ સાથે હોય એમ અનુમાન કરી શકાય છે. મયૂરધ્વજ વંશ શિશુનાગનંદ રાજવર્ગ તથા મૌર્ય સમ્રાટ વંશના અરસામાં કે તેની પૂર્વે આજ પ્રદેશમાં હતો ( વંશનો સમકાલીન કે તેની પૂર્વનો છે ) ગ્રીકદૂત અને ચીની પરિવ્રાજકના લખેલ ઈતિહાસમાં તામ્રલિપ્ત રાજ્યની કથા વિસ્તારથી લખેલ છે. મહાભારતમાં પણ તામ્રલિપ્ત રાજ્ય મયૂરધ્વજનો ઉલ્લેખ છે. જૈમીનીય મહાભારતમાં આ રાજર્ષિ મયૂરધ્વજની અલૌકિક કથા છે. અત્યારે પણ તેનું પ્રમાણ સ્વરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુનની મૂર્તિમાં તમલુકના હરિમંદિરમાં વિદ્યમાન છે. આપણે તે ( ખારવેલ ) ને પ્રાચીન ઐતિહાસિક સ્થિતિની વિચારણા કરીને રાજર્ષિ મયૂરધ્વજ વંશની સાથે નિકટ સંબંધવાળો માની શકીએ છીએ. તે જૈન ધર્માવલંબી હતો. નંદરાજ વર્ગના અરસામાં અને સમ્રાટ ખારવેલના સમયમાં ઉડિષ્યાની પ્રજામાં જૈનધર્મનો ફેલાવો થયો હતો. અત્યારે કલિંગ રાજ્ય ઉત્કલ કે ઔડ અને ગંગારિડિ રાજ્યની આંતરગત મનાય છે. ને પ્લીનીએ સંગ્રહ કરેલ ગંગારિડિ અને કલિંગી ( કલિંગ ) એક સાથે દેખીને એમ માની શકાય છે કે તે અરસામાં કલિંગ ગંગારિડિના પેટામાં હતું. તથા તે વખત હાલનો ઉડિષ્યા તથા ઓડિષ્યાના દક્ષિણના ગોદાવરી સુધીના પ્રદેશ કલિંગ એવા નામથી ઓળખાતો હતો. પણ ત્યાર પછી ઉડિષ્યા, ઔંધ, તે ઉત્કલ નામથી પ્રસિદ્ધ થયું. તેમ પ્રાચીન કલિંગનો કેવળ દક્ષિણ ભાગ કલિંગના નામથી વિખ્યાત થયો. ત્યારથી ઉત્કલ સમસ્ત કલિંગ કે ત્રિકલિંગ એવા નામથી વિખ્યાત હતો ( ગૌડ રાજમાળા. પુ. ૨. )

આ હસ્તિગુફાની લીપીમાં કલિંગ સમ્રાટ ખારવેલના તામ્રલિપ્ત અથવા બંગદેશ આદિ પૂર્વે દક્ષિણ દિશામાં રહેલ રાજ્યની સન્મુખ ગયો હોય એવી એક પણ કથા મળી શકતી નથી. બીજી બાજુ જોવા જઈએ તો તામ્રલિપ્તના રાજાઓ મહાભારતીય યુગ પછી બરાબર અખંડપણે તેના સિંહાસનનો વારસો મેળવી રહ્યા હતા. અને પછીના સમયમાં કલિંગ દેશના ભિન્ન ભિન્ન સમ્રાટના વખતમાં તામ્રલિપ્તના રાજ્યની વિરૂદ્ધ આક્રમણ અથવા યુદ્ધ થવાનો ઉલ્લેખ મળી શકતો નથી. આથી આપણે જાણી શકીએ છીએ કે તામ્રલિપ્ત રાજ્ય સમૂહ પ્રાચીન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયમાં કલિંગ રાજ્યના મિત્ર રાજ્ય તરીકે હશે. તામ્રલિપ્ત રાજ્યગણનો સ્વજાતીય ગંગાશરી વંશનો તામ્રલિપ્તથી કલિંગનો અધિપતિ થયો હતો. ( તમલુકેર ઇતિહાસ પ્ર. ૫૧–૫૩ ) આ પ્રદેશનો પ્રજા વર્ગ "ગંગારીડી" અથવા ગંગારાઢી તામ્રલિપ્ત અને કલિંગ (ક્ષી) ના નામે પણ પ્રસિદ્ધ હતો. આ હાઉડા ૨૪ પ્રગણા અને મેદીનિપુર જીલ્લાના રહેવાસીઓમાં અદ્યાપિ પર્યંત સામંત સેનાપતિ, દલપતિ, દિકપતિ બાહુબલીક ગજેંદ્ર રણજંપ. ગડનાયક દૈવારક ( દ્વારપાલ ) પાત્ર, મહાપાત્ર, સિંહ વ્યાઘ્ર ( વાઘ ) ચિત્રા હાજરા વિગેરે વીરત્વસૂચક ઉપાધિ વિશાલ પ્રમાણમાં વિદ્યમાન છે. તે પ્રાચીનકાળના વીરગણનો સંતાન સમૂહ કેવળ વ્યર્થ ઉપાધિ વહન કરીને પણ પ્રાચિન સ્મૃતિને જાળવી રહ્યો છે. આના પૂર્વજોએ ઇ. સ. ની પહેલી શતાબ્દિમાં રોમ સમ્રાટ આગળ વીરતા દેખાડી જગતને વિસ્મિત કર્યું હતું. આનો ઉડિષ્યામાં વિસ્તાર પામેલો વંશ ખંડાઇત કે ગડજાત એવા નામથી અધુના પ્રચલિત છે. જે બંગાળીના રણ પાંડિત્યને લીધે સમસ્ત જગત આશ્ચર્યચકિત થયું હતું. અને સમસ્ત આર્યાવર્ત્ત જેને હસ્તગત હતું તેજ બંગાલદેશના દક્ષિણ પ્રદેશમાંથી તામ્રલિપ્ત રાજ્ય સ્થાપાયું. આ તામ્રલિપ્ત રાજ્યના પ્રજા વર્ગે ઉત્કલ, કલિંગ, ભારતનો દક્ષિણ કિનારો, સિંહલ યવ સુમાદ્રા આદિ ભારત સમુદ્રના દ્વીપપૂંજમાં જઇ સંસ્થાનો સ્થાપ્યાં હતાં. આર્યધર્મનો પ્રચાર કર્યો હતો અને આર્યનીતિની વિજય પતાકા ઉડાવી હતી. આ વાત બંગાળીઓ માટે કંઇ સાધારણ ગૌરવવાળી ન ગણાય. મદ્રાસની તામીલ જાતિ પણ તામ્રલિપ્ત જાતિમાંથી ઉતરી આવી છે. અને તે વાત પંડિતવર્ય કનકસભૈપીલે મહાશય પોતાના "તામિલ જાતિ સંક્રાંતિ ગ્રંથ" ( અઢારસો વર્ષો પૂર્વના તામિલો ) માં લખી છે. તથા શ્રીયુત રાધાકુમુદ મુખોપાધ્યાય પોતાના " અર્ણવ પોત સંક્રાન્ત ગ્રંથ " (હીંદુસ્થાનનું વ્હાણવટુ ) માં અને ૧૩૧૯ ના જેઠ પ્રવાસીના અંકમાં "બંગાલા અને દ્રાવિડ ભાષા" આ નામના પ્રબંધમાં શ્રીયુત યજ્ઞેશ્વર વંદ્યોપાધ્યાય મહાશય પણ તેવું સમર્થન કરે છે. જેની યુદ્ધ શૌંડિરતાથી કલિંક સમ્રાટે ઉત્તરાપથ અને મગધ રાજ્યને જીતીને અતિ ઉંચો વિજયપ્રાસાદ બનાવ્યો હતો જેની સહાયથી તેણે દક્ષિણરાજ સાતકર્ણીનો દર્પ ચૂર્ણ કર્યો હતો. માસિક રાષ્ટ્રક અને ભોજકગણને પરાજિત કર્યા હતા. જેની શૂરવીરતાથી ભય પામતા દક્ષિણ કાંઠાના પાંડયરાજે નોકરવર્ગ સાથે બહુ મૂલ્યવાળું ભેટણું મોકલ્યું હતું. તે દરેક બંગાળીઓ જ હતા તે કથા નિર્વિવાદ છે અને આ લીપીથી કનકસભૈ મહાશયના મંતવ્યને પણ પુષ્ટિ મળે છે.

પંચાંગના મત પ્રમાણે પરિક્ષિત રાજાથી અત્યારસુધીમાં કલિયુગના ૫૦૦૦ વર્ષ વ્યતીત થયાં છે; પરંતુ પંડિત સમૂહ આ ગણનાને અસત્ય–અવિશ્વસ્ય માનીને કુરૂક્ષેત્રના યુદ્ધકાળનો નિર્ણય કરવા માટે બહુ શોધ કરે છે. જો કે અમોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તમલુકનો ઇતિહાસ" ના બીજા અધ્યાયમાં જે મતભેદ છે તે ઉપર વિચાર કરીને અત્રે કહ્યું છે કે ચંદ્રગુપ્ત એવા નામથી પ્રખ્યાત થએલ કોઇ ઐતિહાસિક કાળ દ્વારા પુરાણોક્ત ચંદ્રગુપ્તનો સમય હાથ લાગતો નથી. તથા તે પરથી કુરૂક્ષેત્રના યુદ્ધનો કાળ પણ શોધી શકાય તેમ નથી. પણ હવે આ પ્રાચીન લીપીના અનુસારે અમો એક રીતે કુરૂક્ષેત્રના યુદ્ધનો સમય નક્કી કરી શકીએ છીએ. કેમકે ખારવેલની લીપીમાં મૌર્ય ચંદ્રગુપ્તનો કાળ ખોદાએલ છે. તે ગણના પ્રમાણે ઇ. સ. પૂર્વે ૩૨૭ વર્ષે ચંદ્રગુપ્તનો અભિષેક થયો હતો એમ કહી શકાય છે. અને ખારવેલના પૂર્વ જ રાજાઓએ બનાવેલ [ તેરો–શ વર્ષ ] ૧૩૦૦ વર્ષ પૂર્વે પ્રતિષ્ઠિત કેતુભદ્રની કાષ્ટમય મૂર્તિનો ઉલ્લેખ છે. આ કેતુભદ્ર ઇ. સ. પૂર્વે ૧૪૬૦ વર્ષે વિદ્યમાન હતો. આ કેતુભદ્રને મહાભારતના કેતુમાન તરીકે માનવામાં હરકત નથી. અત્યારથી ૧૪૬૦+૧૯૨૪=૩૩૮૪ વર્ષ પૂર્વે કેતુભદ્ર ( કેતુમાન ) મહાભારતના કુરૂક્ષેત્રના યુદ્ધમાં વિદ્યમાન હતો. વિષ્ણુ પુરાણના અનુસારે મહારાજ પરિક્ષિત ચંદ્રગુપ્તની પહેલાં ૧૧૧૫ વર્ષે થયો હતો. મત્સ્ય અને વાયુપુરાણમાં ૧૧૧૫ને સ્થાને ૧૧૫૦ની સંખ્યા નોંધાએલ છે. આ ચંદ્રગુપ્તના ૧૬૫ વર્ષે હસ્તિગુફાની લીપી ખોદાએલ હતી. સુતરાં ૧૧૧૫+૧૬૫=૧૨૮૦ અથવા ૧૧૫૦+૧૬૫=૧૩૧૫ વર્ષ પછી સમ્રાટ ખારવેલે પહેલા પ્રતિષ્ઠિત કેતુભદ્રની કાષ્ટમય મૂર્તિનો વરઘોડો ચડાવ્યો હતો. એટલે સમ્રાટ ખારવેલ ચંદ્રગુપ્તની પછીના પુષ્પમિત્રનો સમકાલીન હતો. જેથી ખારવેલની લીપીમાં મૌર્ય ચંદ્રગુપ્તનું વર્ષ "રાજમુરીય કાલે" એ શબ્દોથી કોતરાએલ છે. ત્યારપછી આ [ રાજમુરીય કાલ ] ઇતિહાસજ્ઞ વિદ્વાન સમૂહમાં "મૌર્ય ચંદ્રગુપ્ત સંવત્" એવા નામથી પરિચિત થતો જાય છે.

અનુવાદક,
મુનિ જ્ઞાનવિજય.

---

૧ ઇંગ્લાંડના ઓકસફર્ડ જીલ્લાની ઓકસફર્ડ યુનિવર્સીટીમાંથી,
૨ વીરનિર્વાણ ૨૪૫૧, ઇ. સ. ૧૯૨૪ ઇ. સ. પૂર્વે વીરનિર્વાણ ૫૨૭.
૩ ( બંગલા ભાષાર પ્રાચિન કૃતિ. )
૪ વિષેશ માટે જુઓ આ. સ. નો. પ્રાચિન લેખ સંગ્રહ. ભાગ ૧ લો.
૫ આ કેતુભદ્ર અને કેતુમાનની અભેદતા કલ્પનાથી સ્વાકારાએલ છે. બાકી તેવા નામના હરકોઇ રાજામાં અમુક અંગત નામની કલ્પના કરી ઇતિહાસ ઉભો કરવો તે પણ અંતે અસત્ય વ્યાજક થાય છે.

અનુવાદક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *પરોપકાર.

પરોપકાર એ મનુષ્ય માત્રનું અત્યુત્તમ ભૂષણ છે. આ અસાર સંસારમાં જન્મ લઈને પ્રાણી માત્ર પોતાને માટે તો અનેક પ્રકારના પ્રયાસ કરે છે અને પોતાનું ગુજરાન સુખે દુઃખે ચલાવે છે તેમજ પોતાના ઉપર આવી પડેલી વિપત્તિને ટાળવા યત્ન કરે છે. પરંતુ અન્યને માટે પ્રયાસ કરનાર કોઈ વિરલાજ હોય છે. જેઓને પોતાની આજીવિકા પુરતીજ માત્ર આવક છે તેમજ પોતાની આપત્તિ દૂર કરવાને પણ અન્યની મદદની જરૂર છે તેઓ તો પરોપકાર શી રીતે કરી શકે ? પરંતુ જેઓને પોતાના આયુષ્ય પર્યંત આજીવિકાની બિલ્કુલ ચિંતા નથી એટલુંજ નહિ પણ એ કરતાંય જેને અત્યંત દ્રવ્ય સંપત્તિ છે અને અનેક જનની આપત્તિ દૂર કરવાની શકિત છે તે છતાં પણ સ્વકુટુંબીઓને, સ્વધર્મીઓને અને સ્વજ્ઞાતિવાળાઓને તેમજ પોતાના મિત્રવર્ગને આજીવિકાથી દુઃખી થતા જોઈને પણ જેઓના દિલમાં દયા નથી આવતી અને જેઓ તેને ઘટતી રીતે મદદ નથી આપતા તેમનું દ્રવ્ય નકામું છે. તેમજ જેઓ એજ પ્રકારે પોતાના સ્વધર્મી વગેરેને કોઈપણ પ્રકારે આપત્તિમાં પડેલા દેખીને તટસ્થપણે જોયા કરે છે, છતી શકિતએ આપત્તિનું નિવારણ કરવા પ્રયત્ન કરતા નથી તેઓની શકિત ( દ્રવ્ય સંપત્તિ ) નકામી છે અને તેઓની જીંદગી પણ નિરર્થક છે. કેમકે પોતાના પ્રાણને જાળવવાને તો પશુ–પક્ષીઓ તેમજ તે કરતાં પણ તુચ્છ જંતુઓ સુદ્ધાં પ્રયત્ન કરે છે તો પછી તેનામાં અને પરોપકાર વિમુખ મનુષ્યોમાં તફાવત શું છે ? કાંઇ નથી. ખરી રીતે તો એવા સશકત જનોએ નિરંતર પોતાની શકિત અને સંપત્તિના પ્રમાણમાં પરોપકારના કૃત્યને વિષે સદા તત્પર રહેવું જોઇએ. કહ્યું છે કે परोपकाराय सतां विभूतयः સજ્જનોની સંપત્તિ પરોપકારને અર્થેજ હોય છે.

મનુષ્યોએ પરોપકાર કરવાની જરૂર છે તેમાં તો આશ્ચર્ય જેવું જ શું છે ? કેમકે કેટલાક જડ પદાર્થો પણ નિરંતર પરોપકાર કરનારા હોય છે. ચિંતામણિ રત્ન મનુષ્યોનાં મનોવાંછિત પૂરે છે, વૃક્ષ છાયા આપે છે, ચંદન સુગંધ આપે છે, પારસમણિ લોહને કાંચન બનાવી આપે છે, રસકુપિકાનો રસ પણ કાંચન બનાવવામાં સાધનભૂત છે. આ પ્રમાણે જડ પદાર્થોમાં પણ અનેક પ્રકારની શકિતઓ રહેલી દેખાય છે અને તેનો ઉપયોગ પરોપકારનાં કાર્ય કરવામાં થાય છે.

એક મનુષ્યે પોતાની ઉપર ઉપકાર કર્યો હોય તેનો બદલો આપવા માટે તેના ઉપર ઉપકાર કરવો તો બાજુ ઉપર રહ્યો, પણ ઉલટો પોતાની સારી સ્થિતિ

* શેઠ અમરચંદ તલકચંદ સીરીઝમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયા પછી તે ઉપકારનો બદલો ઉપકારથી આપવાને બદલે તેનું નિરંતર ખરાબ ઇચ્છે છે–કરે છે. એવા અપકાર કરનારા કેટલાએક દુર્જનો ( દુર્ભાગી જનો ) હોય છે. શ્રીપાળ મહારાજાએ ધવળ શેઠ ઉપર બેસુમાર ઉપકાર કર્યો છતાં તેણે તો છેવટ સુધી બદલામાં અપકારજ કર્યો. તેમાં છેવટે તેણે પોતાનો પ્રાણ પણ ગુમાવ્યો. આવા પુરૂષો કનિષ્ઠ અથવા અધમ ગણાય છે.

કોઇએ ઉપકાર કર્યો હોય તેના બદલામાં ઉપકાર કરનારા પણ કેટલાએક જનો હોય છે તેઓ મધ્યમ મનુષ્ય ગણાય છે. કૃત્યાકૃત્યને જાણનાર વર્ગમાંનો ઘણો ભાગ આ પંક્તિમાં મુકવા યોગ્ય છે.

પરંતુ અપકાર કરનારની ઉપર પણ ઉપકાર કરનારા શ્રીપાળમહારાજ, જયાનંદ કુમાર તથા લલિતાંગ કુમારની બરોબરી કરે એવા કોઇક વિરલાજ મહાપુરૂષ હોય છે. જેઓ એવા હોય તેઓ ઉત્તમ મનુષ્યોની પંક્તિમાં મુકવા યોગ્ય છે. ખરો પુરૂષાર્થ, ખરી સજ્જનતા અને ખરૂં તત્વગવેષીપણું તો તેનુંજ સમજવું કે જેઓ નિરંતર સર્વ પ્રાણીઓ ઉપર ઉપકાર કરવાની બુદ્ધિજ ધરાવે છે અને તેને માટેજ હંમેશાં પ્રયત્નવાન્ હોય છે. શ્રીપાર્શ્વનાથજીને ઉગ્ર ઉપસર્ગનો કરનાર કમઠનો જીવ, જેણે પ્રભુને નાસિકા પર્યંત જળથી ભરપૂર કર્યા તેના ઉપર પણ ભગવાન લેશ માત્ર રોષ ન લાવ્યા અને ઉલટા તેને બોધિબીજના કારણ રૂપ થયા. આ ઉત્તમ પુરૂષોના સ્વભાવનું સર્વોત્તમ દૃષ્ટાંત છે.

આ વિષયનો ટુંકામાં સાર એટલોજ છે કે પોતાથી બનતી રીતે દરેક મનુષ્યે પરોપકાર કરવાને એટલે બીજાનું જે રીતે ભલું થાય તેમ કરવાને સદા તત્પર રહેવું અને એ પરોપકારરૂપ ઉત્તમ શોભા આપનાર ભૂષણને ધારણ કરીને સુશોભિત થવું. આથી મનુષ્યદેહ પામ્યાની ખરી સાર્થકતા થાય છે. પરોપકાર વિનાનું જીવન પશુ જીવન છે.

જેઓ પોતાને કાંઇ નુકશાન ન થતું હોય છતાં પારકાનું ભૂંડું કરવાના સ્વભાવવાળા છે તેને શી ઉપમા આપવી? તે જડતું નથી. તેઓ તો અધમથી પણ ઉતરતા ( અધમાધમ ) ગણાય.

સારબોધ—જો સુખી થવુંજ હોય તો બીજાનું ભલું કરવું ને દુઃખીજ થવું હોય તો બીજાનું ભૂંડું કરવું એ બેમાંથી તમને પસંદ પડે તે આદરો. ખપી જીવને એથી વધારે શું કહેવું ? સુખજ સહુને ગમે છે. દુઃખ કોઇને ગમતું નથી. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *સંપ ત્યાં લક્ષ્મી.

કોઇ એક ધર્મી શાહુકાર સૂતો હતો તે વખતે લક્ષ્મી (દેવી)એ આવીને તેને કહ્યું કે 'હે શેઠ ! હવે હું તારા ઘરમાંથી જવાની છું માટે તારે મારી પાસે જે વરદાન માગવું હોય તે માગી લે, હું દેતી જાઉં' શેઠે જાગૃત થઇને કહ્યું, હું અત્યારે નહિ માગું; કાલે મારા કુટુંબીઓને પૂછીને માગીશ.' લક્ષ્મી કહે 'ભલે કાલે માગજે.' પ્રભાતે શેઠે કુટુંબ વર્ગને એકઠો કરીને પૂછયું કે 'આપણી લક્ષ્મી તો હવે જવાનું કહે છે પણ એક વરદાન માગવાનું કહી ગઇ છે તો હવે તમે બધાં કહો તે માગું.' ઉત્તરમાં કોઇએ અમુક દ્રવ્ય માગવા કહ્યું અને કોઇએ બીજું વરદાન માગવા કહ્યું. સૌએ પોત પોતાની ઇચ્છા પ્રમાણે જૂદી જૂદી માગણી કરવા કહ્યું. છેવટે શેઠના ન્હાના દિકરાની વહૂ બહુ ડાહી ને સદ્ગુણી હતી તેણે કહ્યું, 'પિતાજી ! લક્ષ્મી રહો કે જાઓ પણ આપણા કુટુંબમાં સ્નેહ, સુસંપ અચળ રહે એવું વરદાન માગો.' શેઠને ગળે એ વાત બરાબર ઉતરી. બાદ બીજી રાત્રે લક્ષ્મી આવી અને શેઠને કહ્યું કે 'વરદાન માગ.' શેઠે કહ્યું 'મારા કુટુંબમાં હંમેશાં સંપ અચળ રહે એવો વર આપો.' એટલે લક્ષ્મીએ કહ્યું કે 'શેઠ ! હવે મારાથી જવાશે નહિ. કારણ કે તેં સંપ માગ્યો તો જ્યાં સંપ હોય ત્યાં મારે રહેવું જ જોઇએ. સંપ છે ત્યાં લક્ષ્મી છે.' આ પ્રમાણે કહીને લક્ષ્મી અદ્રશ્ય થઇ અને શેઠ સંપ તથા લક્ષ્મીના નિવાસવડે સહ કુટુંબ નિરંતર સુખી થયો.

આ દ્રષ્ટાંત ઉપરથી બહુ બોધ લેવા જેવો છે. સંપની કેવી જરૂર છે ? તેનું પરિણામ કેવું સારૂં આવે છે ? તે આ દષ્ટાંત બરાબર સમજાવી આપે છે. હાલમાં જે જે કુટુંબો દુઃખી થતાં દષ્ટિએ પડે છે તે સઘળાંમાં સંપનો અભાવ અને કુસંપની વૃધ્ધિજ દેખાય છે. તેમજ જે કુટુંબો સારી સ્થિતિમાંથી નબળી સ્થિતિમાં આવતાં જણાય છે, તેમાં પણ પ્રથમ બાપ દિકરામાં, ભાઈઓ ભાઇઓમાં, સાસુ વહુઓમાં કુસંપની ઉત્પત્તિ થયેલી જોવામાં આવે છે અને તેને પરિણામે પછી લક્ષ્મીનો વિનાશ થાય છે. જે સંપ રાખવામાં કાંઇ પણ મહેનત પડતી નથી, બિલકુલ ખર્ચ થતું નથી અનેક પ્રકારના વિનયાદિ ગુણની તથા લક્ષ્મીની પણ વૃદ્ધિ થાય છે તેને જાળવવા માટે સમજુ મનુષ્યો પણ મહેનત કરતા નથી એ કેવી મૂર્ખતા ? કેવી ભયંકર ભૂલ ?

એક વખતે શક્રને લક્ષ્મીએ કહ્યું હતું કે--

* શેઠ અમરચંદ તલકચંદ સીરીઝમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુષ્ટુપ્ છંદ:

**गुरवो यत्र पूज्यन्ते, यत्र वित्तं नयार्जितं;**
**अदंतकलहो यत्र, तत्र शक्र ! वसाम्यहम्.**

'જ્યાં ગુરૂજનો પૂજાય છે, જ્યાં ન્યાયથી પેદા કરેલું દ્રવ્ય હોય છે અને જ્યાં દંતકલહ, કુસંપ હોતો નથી ત્યાં હે ઇંદ્ર ! હું રહું છું.' આ નાનો સરખો શ્લોક પણ બહુ મનન કરવા જેવો છે. કુસંપનો પ્રવેશ એક ઘરમાં, એક કુટુંબમાં, એક જ્ઞાતિમાં, એક સમુદાયમાં, એક ગામમાં તેમજ એક દેશમાં, જ્યાં જ્યાં જોવામાં આવે છે, ત્યાં ત્યાં સર્વ સ્થાનકે તેનાં માઠાં ફળ પ્રત્યક્ષપણે અનુભવમાં આવે છે. તે છતાં તેનાથી દૂર રહેવાનો વિચાર કરવામાં શા કારણે માણસો પછાત રહે છે, તેનું માત્ર દુર્ભાગ્ય સિવાય બીજું કાંઇ પણ કારણ સમજાતું નથી. માટે સુજ્ઞ મનુષ્યોએ દરેક પ્રકારના પ્રયત્નવડે કુસંપના પ્રવેશને અટકાવવો અને સુસંપની વૃદ્ધિ કરવી. જેથી લક્ષ્મી, સુખ, સંતોષ, શાંતિ, ધર્મનું આરાધન, પુન્યબંધ અને છેવટે સ્વર્ગાદિકનાં સુખની પ્રાપ્તિ પણ થઇ શકશે

**સારબોધ**—સંપ ત્યાં જંપ, વિવેકભર્યા મજબુત સંપથી સુખ શાન્તિમાં સદા વધારોજ થતો રહે છે. એકસંપીથી ઘણાં મહત્ત્વનાં કામ થઈ શકે છે. સંપનો પ્રભાવ અન્ય ઉપર ભારે પડે છે. સૂત્રના ઘણા એક તાંતણા એકઠા કરી વણેલા દોરડાવતી મહાબળવાન હાથીને પણ બાંધી શકાય છે. તેથી આપણે સહુએ સંપ આદરવા દૃઢ સંકલ્પ કરવો ઘટે છે.

# ગ્રંથાવલોકન.

૧ **જૈનસૂત્રમાં મૂર્ત્તિપૂજા**—શ્રીમદ્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજની કૃતિનો આ ૯૮ મા નંબરનો ગ્રંથ છે. આ ગ્રંથમાં ગ્રંથકર્ત્તા મહાત્માએ મૂર્તિપૂજાની ઉપયોગિતા શાસ્ત્રાધારે સિદ્ધ કરી છે. અનેક આગમ અને ગ્રંથોની સાક્ષત આપી ખાસ મનન કરવા યોગ્ય ગ્રંથ બનાવ્યો છે. મૂર્તિને નહીં માનનારા મનુષ્યો આ ગ્રંથ જો મનનપૂર્વક વાંચે તો મૂર્તિપૂજા એ આવશ્યક ધર્મ છે એમ તેમને કબૂલ કરવું પડેજ. ચાલતા જડવાદના જમાનામાં આવા આવા ગ્રંથોનો બહોળા પ્રમાણમાં પ્રચાર થવાની જરૂર છે. કીમત રૂ. ૦–૩–૦

૨ **જૈનધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો અને જૈન ખ્રીસ્તી સંવાદ** નં૦ ૮૦–૮૧–આ ગ્રંથના લેખક પણ તેજ મહાત્મા છે. હિંદુસ્તાનમાં ક્રીશ્ચીયન ધર્મના મિશનરી ખાતા તરફથી અનેક ઉપદેશકો ફરીને લાખો માણસોને ખ્રીસ્તીધર્મમાં દાખલ કર્યા કરે છે. આવા સંયોગોમાં જૈનધર્મના તત્ત્વજ્ઞાનથી અજ્ઞાન મનુષ્યો તેમજ બાળકોને આવા પુસ્તકોના વાંચવાથી ખ્રીસ્તી ધર્મના ઉપદેશકના હાથે ફસાવવાનું ન થાય અને જૈન ધર્મ પ્રત્યેની તેમની શ્રદ્ધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ દઢ થાય, એવા હેતુથી આ ગ્રંથ તેજ મહાત્માએ લખ્યો હોય તેમ જણાય છે. આ પુસ્તકનું મનનપૂર્વક વાંચન જૈન તેમજ જૈનેતર મનુષ્ય કરે, તો તેમાંથી ઘણું જાણવાનું મળી શકે તેમ છે. ગ્રંથના પ્રથમ ભાગમાં જૈન અને ખ્રીસ્તીના પ્રશ્નોત્તર, અને બીજા ભાગમાં જૈન ખ્રીસ્તી સંવાદ આપવામાં આવેલ છે, જેમાં જૈનધર્મ સંબંધી પણ ઘણી હકીકતો આપવામાં આવેલ છે. આ આખો ગ્રંથ ખાસ વાંચવા લાયક છે. બંને ગ્રંથો મળવાનું ઠેકાણું–શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ–હાઃ વકીલ મોહનલાલ હેમચંદ પાદરા કિં. રૂા. ૧).

**વિહારદર્શન પ્રથમ ખંડ**—કર્તા શ્રીમદ્ ચારિત્રવિજયજી મહારાજ (કચ્છી) સંપાદક મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી મહારાજ ( ચારિત્ર સીરીઝ નં. ૫ ) આ ગ્રંથના રચનાર મહાત્માએ એક ભોમીયા રૂપ ગ્રંથ બનાવ્યો છે. જે જે સ્થળોએ લેખક મહાત્માએ વિહાર કર્યો છે ત્યાં ત્યાંના ગામો, તીર્થો, શ્રાવકનાં ઘરો, દેરાસરો, મુનિ વિહારની આવશ્યકતા એવી અનેક બાબતો જણાવનાર હકીકતો આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલી છે. કાઠિયાવાડ, ગુજરાત, મારવાડ, કચ્છ અને દક્ષિણ વિભાગમાં જ્યાં જ્યાં એ મહાપુરૂષ વિચર્યા છે એટલે કે એ પાંચે વિભાગના ૬૬ શહેર અને ગામોની જાણવા જેવી અનેક હકીકતો આ ગ્રંથમાં આપી આ ગ્રંથને બહુ ઉપયોગી બનાવ્યો છે, દરેકે દરેક હકીકત વાંચવા અને ખાસ જાણવા જેવી છે અમે તે વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. આ ગ્રંથનું નામ **વિહારદર્શન** જે આપવામાં આવ્યું છે તે યથાર્થ છે. આ તેનો પહેલો ખંડ હોવાથી બીજા વિભાગ પણ પ્રગટ થાય તેવો સંભવ જણાય છે. ગ્રંથકર્ત્તા મહાત્માના શિષ્ય મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજને અમે ધન્યવાદ આપીએ છીએ કે પોતાના સ્વર્ગવાસી ગુરૂ મહારાજના સ્મરણ ચિન્હ તરીકે જૈન સમાજને ઉપયોગી ગ્રંથ બહાર લાવી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ કરી છે, એક આનાની ટીકીટ મોકલવાથી શેઠ જયચંદભાઇ હીરાચંદને વેરાવળ લખી મોકલવાથી ભેટ મળી શકશે.

**વિધિયુક્ત સામાયિક ચૈત્યવંદનાદિ**—આ બુકની અંદર સામાયિક ચૈત્યવંદનાદિ સાથે બીજી હકીકતોનો સંગ્રહ સારો કરેલો છે, આવા નિત્યના ઉપયોગી ગ્રંથો છપાવવામાં બને ત્યાં સુધી અશુદ્ધિ રહેવી ન જોઇએ તેમજ તેની કિંમત પણ જેમ બને તેમ ઓછી રાખવી જોઇએ. એવી સૂચના કરવામાં આવે છે. પ્રસિદ્ધ કરનાર શા અમૃતલાલ પરશોતમ—થરા ( પાટણ ) કીંમત છ આના.

**પહેલી ચોપડી**( જૈન શાળોપયોગી શિક્ષણમાળા ) પ્રગટકર્ત્તા શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મેસાણા. આ તેની બીજી આવૃત્તિ છે નીતિબોધ, સામાન્ય જ્ઞાન વિભાગ, ચૈત્યવંદન વિધિ, નવકારથી ઇચ્છાકાર સુધીના અર્થ તથા ચૈત્યવંદન, સ્તવનો વિગેરે ચાર વિભાગ આ બુકમાં રાખવામાં આવેલ છે. મુલ્ય ૦–૨–૬ પ્રકાશકને ત્યાંથી મળશે.

**શ્રી અમદાવાદ જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક બોર્ડીંગનો ૧૯૨૪ ની સાલનો ૧૯ મા વરસનો રીપોર્ટ**—તેમના ઓનરરી સેક્રેટરી વકીલ છોટાલાલ કાળીદાસ તરફથી મળ્યો છે. આ વરસમાં ૯૦ બોર્ડરોએ આ સંસ્થાનો લાભ લીધો છે, આ બોર્ડીંગની વ્યવસ્થા અને દેખરેખ ઘણી સારી છે, હિસાબ વિગેરે ચોખવટવાળા છે. અમે એ સંસ્થાની આબાદી ઇચ્છીએ છીએ.

**શ્રી ઘાટકોપર સાર્વજનિક જીવદયા ખાતાનો રીપોર્ટ**—અને તે એ ખાતા સંબંધી અપીલ અમને સમાલોચના અર્થે મળેલ છે. આ ખાતું સંવત ૧૯૭૯ ના શ્રાવણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માસમાં સ્થાપન થયું છે અને ૧૯૮૦ ના આસો વદ ૦)) સુધીનો આ રીપોર્ટ છે. વાંદરા, મુંબઇ કતલખાનામાં જતા જાનવરોને બચાવવા માટેજ આ ખાતાને જન્મ આપેલ છે. જેથી જૈન અને જૈનેતર તમામને માટે આ ખાતું જીવદયાનો મુખ્ય હેતુ હોવાથી આવશ્યકતાવાળું છે. કારણ કે રીપોર્ટમાં જણાવેલી યોજનાઓ, ધારાધોરણ, આવશ્યકતા, ઉપજ ખર્ચ વિગેરેની હકીકત વાંચતાં તે વિચારવા જેવી અને આ ખાતાને ખાસ મદદ આપવા જેવી છે. આ ખાતાને સ્થાપનાર તથા વ્યવસ્થા કરનાર સ્થાનકવાસી જૈન બંધુઓ છે જેથી તેઓ ધન્યવાદને પાત્ર છે અને ઉપરોકત હેતુથી અન્ય દરેક ફિરકાના જૈનબંધુઓ અને દયાળુ કોઇ પણ આર્ય બંધુએ તેટલીજ સહાયતા તન, મન અને ધનથી આપવાની જરૂર છે અમે આ ખાતાનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

**શ્રી લેડી વિલિંગડન અશક્તાશ્રમ સુરતનો ૧૯૨૪ નો રીપોર્ટ**—અમને મળ્યો છે. આ આશ્રમમાં દરેક કોમના મળીને ૬૨ અશકત મનુષ્યોએ સરાસરી લાભ લીધો હોય તેમ જણાય છે. આ આશ્રમમાં લાભ લેનારા અશકત મનુષ્યોને અનાજ, કપડાં વિગેરે પૂરૂં પાડવાની સાથે શરીરની આરોગ્યતાની પણ બરાબર સંભાળ રાખવામાં આવે છે. કોઇપણ જાતિભેદ વિના દરેક અશકત મનુષ્યને આ આશ્રમમાં દાખલ કરવામાં આવે છે. સાથે દવાખાનાની પણ સગવડ રાખવામાં આવી છે. ખરચ પૂરતી વાર્ષિક આવક ન હોવા છતાં ફંડ સારૂં છે અને પરચુરણ આવકને લઇને આ ખાતું નભ્યે જાય છે. દરેક શહેરોમાં પશુઓને માટે જે પાંજરાપોળ છે, તેમ અશકત મનુષ્યોને માટે પણ આવા આશ્રમોની જરૂર છે. મનુષ્ય જાતની સેવા કરવા માટે આવા ખાતા ઉપયોગી છે. આ આશ્રમનો વહીવટ, વ્યવસ્થા ખાસ પ્રશંસાપાત્ર છે અને મનુષ્યોની દયા માટે આ ખાસ ખાતું હોવાથી દરેક મનુષ્યે તેને આર્થિક સહાય આપવાની જરૂર છે. આ આશ્રમનો વહીવટ કરવા માટે ખાસ એક કમીટી નીમવામાં આવેલ છે. પ્રમુખ શેઠ દલીચંદ વીરચંદ અને સેક્રેટરી ડોકતર અમીચંદ છગનલાલ શાહ વિગેરે કમીટીના મેંબરોનો આ આશ્રમ માટેનો પ્રયત્ન ઉત્તમ છે, તેથી તે ધન્યવાદને પાત્ર છે.

**શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક ધાર્મિક ઇનામી** પરીક્ષાની સંસ્થાનો ૧૯૮૦–૮૧ ની સાલનો રીપોર્ટ–તેના ઓનરરી સેક્રેટરી ઝવેરી ભોગીલાલભાઈ તારાચંદ તરફથી અમને મળ્યો છે. જૈન ધર્મના શિક્ષણની અભિવૃદ્ધિ અર્થે આ સંસ્થા સારૂં કાર્ય કરે છે. આ ખાતાનો વહીવટ અને વ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે. દર વર્ષે પરીક્ષા લેવરાવી ઇનામો આપવામાં આવે છે. આ ખાતાની અમે ઉન્નતિ ઇચ્છીએ છીએ.

# આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરજી સૂરિજીનો સ્વર્ગવાસ.

**ગયા જેઠ વદ ૩ મંગળવારના રોજ વિજાપુર–ગુજરાતમાં આચાર્ય મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજના સ્વર્ગવાસ થયાના સમાચાર જાણી તેની દુઃખદાયક નોંધ લેતાં અમને અત્યંત દુઃખ થાય છે. આ અધ્યાત્મપરાયણ, યોગનિષ્ઠ અને સાહિત્ય પ્રવૃત્તિમાં જેની રસવૃત્તિ નિરંતર જામેલી હતી, એવા પ્રતિભાશાળી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરલ હૃદયી જૈન ધર્મની ઉન્નતિ માટેની ધગશ ધરાવનારા, ગંભીર અને જેમણે યથાર્થ રીતે સુમારે ૨૫) વર્ષ સુધી ચારિત્રનું પાલન કર્યું છે એવા આ મહાત્માની જૈન સમાજને તેમના સ્વર્ગવાસથી પુરેપુરી ખોટ પડી છે. ઉક્ત મહાત્માનો જન્મ તેજ ગામમાં શીવદાસ નામના કણબીને ત્યાં સં ૧૯૩૦ ના શિવરાત્રીના દિવસે થયો હતો. આ મહાત્માની નાનપણથીજ ત્યાગવૃત્તિ જણાતી હતી. અમુક વખત પછી મેસાણાની શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં અભ્યાસ કરવાને તેઓ દાખલ થયા અને સાગર ગચ્છના શિરોમણિ શ્રીમદ્ રવીસાગરજી મહારાજશ્રીનો તેમને સમાગમ થતાં ત્યાગનાં મૂળ ઉંડા નંખાયા હતાં જેને લઇને ૧૯૫૭ ના માગશર શુદ ૬ ના રોજ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ પાસે પાલણપુરમાં ચારિત્ર ગ્રહણ કર્યું હતું અને સં. ૧૯૬૯ ની સાલમાં ગુરૂના સ્વર્ગવાસ પછી તેમણે સાગર ગચ્છના શિરોમણિ પદને અલંકૃત કર્યું અને તેઓના જ્ઞાનબળથી આકર્ષાઇ શ્રી સંઘે આચાર્ય પદ આપ્યું.

આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજ પ્રથમથીજ અધ્યાત્મમાં મચ્યા રહેતા અને ગમે તે સ્થળે વિહારમાં કે સ્થિરતામાં જ્ઞાનાભ્યાસ, લેખન અને વાંચન તેજ તેમનો નિત્યનો અભ્યાસ થઈ પડયો હતો.

તેમની લેખક તરીકેની શકિતનું માપ તો તેમણે ભજન, અધ્યાત્મ, તત્વજ્ઞાન, સંવાદ, ઇતિહાસ, શિલાલેખો વિગેરે વિષય ઉપર લખેલા અને પ્રગટ થયેલા ૧૦૮ ગ્રંથો ઉપરથી સર્વે કોઇને માલુમ પડી શકે તેવું છે.

જૈન બાળકો વ્યવહારિક અને ધાર્મિક ઉચ્ચ કેળવણી કેમ પ્રાપ્ત કરે તે માટે બોર્ડીંગ અને ગુરૂકુળ વિગેરેનો જન્મ આપવામાં પણ તેઓજ ઉપદેશક હતા.

ગયા ચૈત્ર માસમાં તેઓશ્રી વિજાપુર મુકામે પધાર્યા ત્યારે તેઓના શિષ્ય વૃદ્ધિસાગરજી મુનિને અંતિમ આરાધના કરાવતાં જણાવ્યું કે ભાઇ વૃદ્ધિસાગર ! તું તારા આત્મસ્વરૂપમાં રહેજે, ગભરાઈશ નહિ. હું પણ તારી પાછળ આવું છું. તેમના તે વચન જાણે સત્ય હોયની ? તેમજ તે સમયથી આચાર્યશ્રી બુદ્ધિસાગરજીના દેહમાં અસાધારણ બીમારીએ વાસ કર્યો અને તે બીમારી ત્રણ ચાર દીવસમાં શમી ગયા પછી ચૈત્ર વદી ૧૦ હવાફેર માટે મહુડી પધાર્યા અને પત્રથી પોતાના સમુદાયના સાધુ સાધ્વી અને અન્ય જનોને ખબર આપ્યા કે આ દેહનો ભરોસો નથી અને હું તમોને નમ્ર ભાવે ખમાવું છું. જો કે આ વખતે તેવી બીમારી નહિ હતી; છતાં કેટલાક શ્રાવક બંધુઓ અને સાધુ, સાધ્વી આચાર્ય મહારાજ પાસે આવ્યા હતા અને ત્યારપછી તેઓશ્રીની તબીયતે ફરી રૂપ બદલ્યું પોતાના મુખ્ય શિષ્ય આચાર્યશ્રી અજીતસાગરજીસૂરિ તથા મહેન્દ્રસાગર મુનિ વિગેરેને બોલાવ્યા જેઓ જેઠ શુદી ૧૦ લગભગ ત્યાં આવી પહોંચ્યા.

આચાર્ય શ્રી અજીતસાગરજીસૂરિ તથા પં૦ મહેન્દ્રસાગરજીને આવ્યા જાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદ થયો અને પ્રેમથી બંનેના મસ્તક ઉપર હાથ મુકી આશીર્વાદ આપ્યો અને કેટલીક વાતચીત અને ભલામણો અજીતસાગર સૂરિજીને કરી. જે તેઓએ પ્રેમપૂર્વક કબુલ કરી. હવે આચાર્યશ્રીની બીમારી વધવા લાગી. સમતાભાવે સહન કરતાં માત્ર ॐ, अर्हम्, श्रीमहावीरના શબ્દ વિના અન્ય બોલવું બંધજ કર્યું હતું. જેઠ શુદ ૧૩ ના રોજ આચાર્યશ્રીએ જણાવ્યું કે મુસાફરી પુરી થઇ છે, સમય થોડો છે. જે કાંઇ ઇચ્છા હોય તે લઇ લ્યો; પણ અજ્ઞાનતાને લઇને આચાર્યશ્રીનો આશય કેમ જાણી શકાય ? જેઠવદ ૨ના રોજ વીજાપુર વિગેરેના ગામોના સંઘોએ મહુડી આવી આચાર્ય મહારાજને પોતપોતાના ગામ લઇ જવાની વિનંતી કરી. બીમારી સખ્ત હોવાથી દૂર ન જતાં વિજાપુર નજીક હોવાથી વિજાપુર જવા જણાવ્યું ઠરાવેલા સમય પ્રમાણે જેઠ વદ ૩ની પ્રાત:કાળમાં આચાર્ય મહારાજશ્રીને વીજાપુર લઇ જવામાં આવ્યા અને વીજાપુર ગામની વિદ્યાશાળામાં ગુરૂશ્રીને પ્રવેશ કરાવ્યો અને ત્યાં સંથારો બીછાવી તે ઉપર બીરાજમાન કર્યા કે તરતજ વીજાપુર અને આસપાસના હજારો લોકો દર્શને આવવા લાગ્યા, આ વખતે સ્થિતિ ગંભીર હતી. અને તેજ દિવસે સવારના આઠ વાગ્યા લગભગ ગુરૂશ્રીએ પ્રફુલ્લિત મુદ્રાએ આંખ ઉઘાડી દરેક વિધિ સ્વીકારી વ્રત–નિયમ સાથે મહાવીર પ્રભુના સ્મરણપૂર્વક સ્વર્ગવાસ પામ્યા.

હજારો માણસોની આંખમાં ગુરૂભકિતને લઇને આંસુ આવ્યા અને તે દુ:ખદાયક સમાચાર વીજળીના વેગે તારથી અનેક ગામોમાં પહોંચી વળ્યા જેથી બહારગામથી પણ નિર્વાણ મહોત્સવમાં ભાગ લેવા અને ગુરૂભકિત બજાવવા માટે ગુરૂશ્રીના ભકતો ત્યાં આવવા લાગ્યા અને વીજાપુરની તમામ પ્રજા ગુરૂરાજનાં દર્શન નિમિત્તે ઉભરાઇ ગઇ અને આ શાસનનો અપ્રતિમ ભકત, સાહિત્યના વિશિષ્ઠ વિલાસી અધ્યાત્મ જ્ઞાન રસિક એક મહાન પુરૂષ ગુમાવ્યો તેમ લોકોની વાણીમાં દેખાયું.

ત્યારબાદ ગુરૂશ્રીના મૃતદેહને વિધિપૂર્વક સ્નાનાદિક ક્રિયાઓ કરાવી નૂતન વસ્ત્ર પહેરાવી પાટ ઉપર પધરાવવામાં આવ્યો અને ગુરૂશ્રીને માટે પાલખી તૈયાર કરાવવા માંડી. દરમ્યાન ગુરૂશ્રીના પટધર આચાર્યશ્રી અજિતસાગરસૂરિએ ત્યાં ગામ પરગામના એકઠા થયેલ સુમારે ૮થી ૯ હજાર મનુષ્યો સમક્ષ બોધ આપી મર્હુમ ગુરૂશ્રીની ઓળખાણ કરાવી તેમના સ્મરણ માટે કાંઇ કરવું તેવો ઉપદેશ આપ્યો, આ વખતે ત્યાં એકત્ર થયેલ મુંબઇ, સુરત, વડોદરા, પાદરા, પાટણ, પાલનપુર, મેસાણા વિગેરે ગુજરાતના અનેક ગામોના જૈનોથી ગુરૂશ્રીના સ્મારક માટે એક ફંડ થયું. જયાં સુમારે ૧૫૦૦૦) પંદર હજાર રૂપીયા થયા. જેઠ વદ ૪ને બુધવારે સવારે પ્રાત:કાળમાં આચાર્યશ્રીના મૃતદેહને પાલખીમાં પધરાવી અનેક જાતના વાજીંત્રોના નાદ અને ભકતોના ' જય જય નંદા, જય જય ભદ્દા " ના શબ્દોની ગર્જના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે સરઘસ વીજાપુર શહેરમાંથી પશ્ચિમ દિશામાં આવેલ શેઠ મગનલાલ કંકુચંચંદની વાડીમાં આવી પહોંચ્યું જ્યાં પ્રથમથી થયેલ ગોઠવણ પ્રમાણે પાલખી પધરાવવામાં આવી અને માત્ર સુખડ અને અનેક સુગંધી પદાર્થોથી આચાર્યશ્રીનો અગ્નિસંસ્કાર ભકિત પૂર્વક કરવામાં આવ્યો. જે વખતે ગુરૂશ્રીનું સમાધિમંદિર બનાવવાનું નકી થયું. મર્હુમ આચાર્યશ્રીની વિભૂતિ–રાખ તેમની ચિતાની જગ્યાએથી મહુડીના મહાજન સમસ્તે ત્યાંથી લઈ આડંબરપૂર્વક સાબરમતી નદીમાં પધરાવી હતી. નિર્વાણ મહોત્સવનું કામ પુરૂં થયા બાદ શ્રીમાન્ અજીતસાગરસૂરિજીએ દેવવંદન સેંકડો માણસો સાથે વિધિપૂર્વક કર્યું હતું. એ રીતે આચાર્યનો નિર્વાણ મહોત્સવ અને ગુરૂભકિત કરવામાં આવી હતી.

વર્તમાન સમયમાં આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજે એકનિષ્ઠાથી જૈન સાહિત્યની જે સતત્ સેવા કરી છે તે જૈન સમાજના ઈતિહાસમાં સૂવર્ણપટે કોતરઇ રહેશે. આચાર્યની કૃતિનાં પુસ્તકો સર્વેને એકાંત ઉપકારક છે. આવા ઉપકારક મહાત્માઓની ખાલી પડેલી જગ્યા જલદી પુરાતી નથી; છતાં પણ તેમનાં મુખ્ય શિષ્ય પટધર શ્રીમાન્ અજીતસાગરજીસૂરિ પણ સાહિત્ય રસિક જૈન કોમની ઉન્નતિની ધગશ ધરાવનારા વિદ્વાન અને ઉચ્ચ જ્ઞાન ધરાવનારા તેઓશ્રી સ્વર્ગવાસી ગુરૂરાજની ખાલી પડેલી જગ્યા પુરશે અને તેમની ખામી નહિ જણાવા દે તેવી જૈનસમાજને સંપૂર્ણ ખાત્રી છે, જેથી ગુરૂરાજની શકિત તેમના પટધર આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજમાં ચિરસ્થાયી વાસ કરે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ અને સ્વર્ગવાસી મહાત્માના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઈચ્છીએ છીએ.

# શેઠ જમનાભાઈ ભગુભાઈનો સ્વર્ગવાસ.

શેઠશ્રી જમનાભાઈ ભગુભાઇ ગયા જેઠ વદી ૦)) ના રોજ હૃદય બંધ પડી જવાથી ડુમસ ખાતે પંચત્વ પામ્યા છે. તેઓશ્રી સરલ હૃદયના, દેવગુરૂધર્મની દ્રઢ શ્રદ્ધાવાન તથા જીવદયાના ખાસ હિમાયતી હતા. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં પણ એક આગેવાની ભર્યો ભાગ લેવા સાથે ભોયણીજી વગેરે તીર્થોનો વહીવટ પણ સારી ખંતથી કરતા હતા. જીર્ણોદ્ધાર, પાંજરાપોળ, સેનેટેરીયમ, જ્ઞાનોદ્ધાર વગેરે ધાર્મિક કાર્યોમાં છુટે હાથે દ્રવ્ય ખરચતા હતા. તેમના સ્વર્ગવાસથી એકલા અમદાવાદમાં નહીં; પરંતુ જૈન કોમમાં એક મહાન્ નરની ખોટ પડી છે. અમો તેને માટે અમારી દીલગીરી જાહેર કરીયે છીયે. અમે તેમના ધર્મનિષ્ઠ સુપત્ની માણેકબાઈ તથા શેઠ માણેકલાલભાઇને દિલાસો દેવા સાથે સ્વ૦ જમનાભાઈ શેઠના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જલદી મંગાવો ! નહીં તો તક ખોશો ! જલદી મંગાવો !

## શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર ).

### ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

( અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી. )

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે, આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા–સ્વભ ષનું વિવેચન, અદ્ભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વિગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચાર વિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગનાએક હજાર પાનાના આ બે ગ્રંથની કીંમત રૂા. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

---

ઘણીજ થોડી નકલો સીલીકે છે.

## આદર્શ જૈન સ્ત્રીરત્નો.

પ્રાતઃસ્મરણીય માંગલ્યકારી ચૌદ પવિત્ર–માતાઓ–આદર્શ સ્ત્રીરત્નો અને મહાસતીઓનાં વૃત્તાંતો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, જે સ્ત્રી જાતિનું મહત્વ અને સ્ત્રીત્વના ગુણોના પરમ વિકાસ કરનાર એક ઉપદેશાત્મક રચના છે.

**સતી ચરિત્રની આ કથાઓ સાથે સ્ત્રી કેળવણી કેટલી જરૂરીયાતની છે ? સ્ત્રી કેળવણી કેવી હોવી જોઇએ ? તેનું પણ આ ગ્રંથની શરૂઆતમાં વિસ્તારથી** વિવેચન કરવામાં આવેલું છે. કોઇપણ મનુષ્ય માટે આ ઉપયોગી ખાસ ગ્રંથ છે. જલદી મંગાવો. કિંમત રૂા. ૧–૦–૦ પોસ્ટેજ જુદું.


---

## લાલા ગંગારામજી બનારસીદાસનો સ્વર્ગવાસ.

પંજાબ અંબાલાના જાણીતા જૈન ગૃહસ્થ લાલા ગંગારામજી બનારશીદાસ જૈની કે જેઓ એક ધર્મચુસ્ત શાસનપ્રેમી, સરલ સ્વભાવી અને પંજાબના અગ્રગણ્ય જૈન ગૃહસ્થ હતા. તેઓ થોડા વખતની બીમારી ભોગવી આ માસમાં પંચત્વ પામ્યા છે. તેઓ દેવગુરૂધર્મના પૂર્ણ ઉપાસક હતા. આ સભા ઉપર પણ પૂર્ણ પ્રેમ ધરાવતા હતા. તેઓ આ સભાના પણ મેમ્બર ( સભાસદ ) હતા. તેઓના સ્વર્ગવાસથી જૈનસમાજમાં એક જૈન નરરત્નની ખોટ પડી છે. અમો તે માટે અત્યંત દીલગીર છીયે. તેઓના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વાંચનના પ્રેમી બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ્ય

# ઉત્તમ ગ્રંથો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પંચપરમેષ્ઠી ગુણમાળા. | ૧–૮–૦ | ૯ | શ્રીજંબુસ્વામી ચરિત્ર આદર્શ | ૦–૮–૦ |
| ૨ | સુમુખનૃપાદિ કથા. | ૧–૦–૦ | ૧૦ | શ્રી ચંપકમાલા સતી આદર્શ ચરિત્ર | ૦–૮–૦ |
| ૩ | તપોરત્ન મહોદધિ (તપાવલી) તમામ તપની વિધિ સહિત. | ૧–૮–૦ | ૧૧ | સંબોધસિત્તરી–જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. | ૧–૦–૦ |
| ૪ | કુમારવિહાર શતક. | ૧–૪–૦ | ૧૨ | શ્રી ઉપદેશ સપ્તતિકા ઐતિહાસિક કથા ગ્રંથ. | ૧–૦–૦ |
| ૫ | જૈન ધર્મ વિષયીક પ્રશ્નોત્તર. | ૦–૮–૦ | ૧૩ | શ્રી વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧થી૪ | ૨–૦–૦ |
| ૬ | સમકીત કૌમુદી ભાષાંતર | ૧–૦–૦ | ૧૪ | શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧–૮–૦ |
| ૭ | શ્રાદ્ધગુણ વિવરણ શ્રાવકોપયોગી. | ૧–૮–૦ | ૧૫ | શ્રી નવપદજી પૂજા ગુજરાતી અર્થ સહિત | ૧–૪–૦ |
| ૮ | શ્રી પંચપ્રતિક્રમણ વિધિ સહિત વાંચી જવાથી ઘેર બેઠા થઇ શકે છે. | ૨–૦–૦ | | | |

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટ્સ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૬ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૭ લિંગાનુશાસનસ્વોપજ્ઞ (ટીકા સાથે)
૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય.
૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૦ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૧ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર
૧૨ ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૩ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૧૪ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.
૧૫ શ્રી કુમારપાળ પ્રતિબોધ અનેક ઉપદેશક કથાઓ સહિત. શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસ તરફથી.
૧૬ આચારોપદેશ. શેઠ હકમચંદ વલ્લભજી મોરબી નિવાસી તરફથી.
૧૭ શ્રી અજીતકાવ્ય કિરણાવળી નંબર ૯–૧૦–૧૧–૧૨–૧૩–૧૪ ગ્રંથમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only